રંસીલી મનોરંજક વાર્તા.

શૂરો, રંજો આહીન, લાલગોવાળ, નાગલા આહીર, નાથાશા વાણિયા, તથા બેચરાજીની વાર્તા.

(પેહેલે વેહેલીજ સુધારો તથા વધારો કરીને).

બનાવનાર

ફકીરભાઈ કાસીદાસ.

સુરતની નામદાર સર જમસેદજી જીજીભાઈવાળી નંબર ૧ લાની છોકરાની નિશાળના વડા માજી માસતર

તેના છોકરા નગીનદાસ ફકીરભાઈ કાસીદાસની વની છપાવી પ્રસિદ્ધ કરનાર

ડાહ્યાભાઈ જગજીવનદાસ.

કિમ્મત  ૧૦ આના.

દોહરો.

રસાલી સુંદર વાર્તા, નાંચો સઘળા લોક;
હર્ષ તો ઉપજે અતિ ઘણો, સમી જાય સૌ સોક.

મુંબઈમધ્યે,

મસજીદ બંદર સ્ટેશનની સામે;

"ધિ એંગ્લો-જુડીશ એંડ વરનૅક્યુલર પ્રેસમાં છાપી છે."

સન ૧૮૮૭—સંવત ૧૯૪૩

રસીલી મનોરંજક વાર્તા.

શૂરો, રાજા આદીન, લાલગોવાળ, નાગલા આહીર, નાથાશા વાણીયા, તથા બેચરાજીની વાર્તા.


(પેહેલે વેહેલીજ સુધારો તથા વધારો કરીને).

બનાવનાર

ફકીરભાઈ કાસીદાસ.

સુરતની નામદાર સર જમસેદજી જીજીભાઇવાળી નંબર
૧ લાની છોકરાની નિશાળના વડા માજી માસ્તર
તેના છોકરાં નગીનદાસ ફકીરભાઇ કાસીદાસની
વતી છપાવી પ્રસિદ્ધ કરનાર

ડાહ્યાભાઈ જગજીવનદાસ.

કિમ્મત  ૧૦ આના.

દોહરો.

રસીલી સુંદર વાર્તા, વાંચો સઘળા લોક;
હર્ષ તો ઉપજે અતિ ઘણો, સમી જાય સૌ સોક.

મુંબઇમધ્યે,
મસજીદ બંદર સ્ટેશનની સામે;
"ધિ ઍંગ્લો-જુધ્ધશ ઍંડ વરનૅક્યુલર પ્રેસમાં છાપીછે."

સન ૧૮૮૭--સંવત ૧૯૪૩

શૂરાની વારતા.

શૂરાની વાત કરવાની તૈયારી થઈ કે નીચેની શાખી ભવાયા લોક બોલે છે.

સામેરી ચાલી મોતી વેચવા, ને ઉભી માણેક ચોક;
પણ હું તને પુછું સામેરી, આજ સુડી ભલી કે સોક. ॥રહી॥
સોક કરતાં સુડી ભલી, અને ચટ ને પટ જીવ જાય;
પણ સોક કેરે બાલડે, મારી ખણ ખણ દેહ ભરાય.
સરોવરિઆ સાગર ઉલટા, અને રતન તણાયા જાય;
પણ કરમ ન ભરે મુડડી, તેનો શંખલે હાથ ભરાય. ॥રહી॥

ઉપલી શાખી કહીને પછી શૂરો થઈને જે આવ્યો હોય તે પડદા બાહાર આવે છે, ને નીચે પ્રમાણે રાગથી બોલે છે.

ઓ મનડાના પ્યારા કેમ સહિએ આપણા ઓ મારી સહિયર; આપણા તે ગુણ કેરી વાત ઓ મારી સહિયર; માધવ છે તે ખરો રે રાઠોડ ઓ મારી સહિયર; પછી નીચેનું ગાય છે.

અરે ચાલ મન જઈએ દુવારકા, અને કરિએ ઉત્તમ કામ;
પણ જાતાં ભેટીએ જાદવો, પછી વળતા રાવળ જામ. ॥રહી॥
હે ભલો રાખ્યો રજપૂતા વટે, સબ ધીરામાં લખ ધીર;
પણ શરીર વેંધાણા બાણડે, તોએ નેણે ન ચુંચ્યું નીર.
રણમાં ટોડરમલ બાંધીઓ, અને ગજ લીધા ગજ ઘાવ;
પણ હળવટ સરખો રાજીઓ, તેનીઃપત રાખે પાદશાવ.
હે હાલ જશા ના નીપજે, અને કછે સાહેબ ના હોય;
રાણા રાયસંગ જેવો રાજીઓ, તેની હળવટ ઘટે હુવો ન કોય.
અરે મોટો મલખ માળવા તણો, અને પથ્થરે લાખ કરોડ;
પણ રતનાગર સાગર ગરગડે, ત્યાં રાજ કરે રણછોડ. ॥રહી॥

ઓહો! હો! હો! હો! ભાઈ નાયકા, વેશ તેવી વારતા, ધણી ધણિઆણી સન્જોડે બેસીને સાંભળે તો તેને કાશી ગયાનું પુન્ય થાય, બાપ દીકરી સાથે બેસીને સાંભળે તો તેને દુવારકા ગયાનું પુન્ય થાય, જાદવ કુળમાં બે ભાઈ હતા, માધવ રાઠોડ ને કેશવ રાઠોડ; મોટાનું નામ કેશવ રાઠોડ, ને નાનાનું નામ માધવ રાઠોડ. હવે માધવ રાઠોડની

બાયડી પોતાને ઘેર રેહે નહીં, પણ પોતાના પીયરમાં રેહે; ત્યાં પીયરમાં તેણે એક ફકીરની સાથે પ્રીત કરેલી. ત્યાં ખાય પીએ ને તે ત્યાંની આંજ મોજ માણ્યાં કરે. હવે એક દાહાડાને સમયે માધવ રાઠોડ બાહાર શીકારે ગયાતા, તેની ભાભીનું નામ ભોળદે તે કેશવ રાઠોડની બઈરી થાય, તેને શીકારેથી આવ્યા તેવા માધવ રાઠોડે કહ્યું કે ભાભી નાહાવાનું પાણી કાહાડો, ભાભી ભોળદેએ પાણી કાહાડયું, માધવ રાઠોડ પછી નાહ્યા, નાહી કરીને જમવા બેઠા; જમવા બેઠા તો રસોઈ જરા મોળી થઈ, ત્યારે ભાભી ભોળદેના ઉપર માધવ રાઠોડે જાંહાસો કરિયો, ત્યારે ભાભી ભોળદે બોલી કે મારા ઉપર આટલો જાંહાસો શું કરવા કરોછો? જાઓ તમારી ધણિઆણીને તેડી લાવો, ને તેના ઉપર એટલો જાંહાસો કરો; પણ ના ના તે તો કોણ જાણે કયા મોજમાં દીસતી હશે, ને તેણે કયા પુરૂશ સાથે પ્રીત કરી હશે! જ્યારે એવું જ્યારે માધવ રાઠોડે સાંભળ્યું ત્યારે તેણે કંઈ ખાધું નહીં ખાધું ને તરત ઊભા થયાં, રાત્રીના ચાર પોહોર વહી ગયા, સહવારના પોહોરમાં ઊઠી બેઠા થયા, દંત ધાવન કીધું ને ઘોડે અસ્વાર થયા, હવે અસવાર થયા તેવા માધવ રાઠોડ પોતાની ભાભી ભોળદે ને ધાવ કહીને કેહેવી રીતે જાયછે.

હે માધવે ઘોડો કસીઓજી, અને મનમાં રાખો ધીર;
પણ હમે તો જઈએ સાસરિએ, તારે નેણે ન ખંચે નીર. ॥૨૯॥

હે ભાભી માધવ રાઠોડે તો ઘોડો કસ્યો ને સાસરે ચાલ્યા, પણ તમો ધીરજ રાખી આંખમાં પાણી લાવતા નહીં. એમ કહી માધવ રાઠોડ ચાલ્યા, ને પોતાને સાસરે આવી પોંહોતા, ત્યારે ત્યાં પેલી તેની બાયડીના પેટમાં તો મોટી પાનછેરી પડી કે આજ મારા બાળાપણના મિત્ર પાસે મારાથી જવાવાનું નહીં. હવે ત્યાં પોતાના સાળા સસરા આવ્યા, આવો આવો કરીને રાખ્યા, જુહાર જુહાર કરિઆ, બત્રીસી રસોઈ કરી, તેત્રીશા શાક કરિઆ, માધવ રાઠોડ ને નવડાવીને જમવા બેસાડ્યા, તેઓ ત્યાં જમ્યા, પછી કહ્યું કે જઈને એકદંડા મેહેલ ઉપર સુવો. હવે માધવ રાઠોડના મનમાં પેલી ભાભીએ બોલ કહેલો તેનો વિચાર રહેલો તેથી તે જાગતો ઊંઘિયો, એવામાં રાતના બાર વાગતાને સમયે તેની બાયડી ઉઠી ને સોળે શણગાર સજ્યાં, હાથમાં દીવડો લીંધો,

વીર કુચ્છવાળ્યો, ઢાલ તરવાર પાસે રાખી, પછી પોતાના ધણી માધવ.રાઠોડનો જમણા પગનો અંગુઠો હલાવ્યો; પણ માધવ રાઠોડ જાગતો ઊંઘે, તેથી તે કાંઈ બોલ્યો નહીં. ત્યારે તે બાયડી બોલી કે કરતા હોયં તેમ કરીએ, ને છાશની દોહણી ભરીએ, એમાં તો કાંઈ રામ નથી; એમ કહીને ત્યાંથી ચાલી નીસરી. હવે તેની પછાડી તેનો વર માધવ રાઠોડ પણ ધીમે ધીમે ચાલ્યો, પણ તે બાઇને ખબર નથી કે પછાડી મારો વર આવે છે. હવે એતરવા ચારેક ચાલ્યા એવી તકમાં નવસારી જેવા મોરચો આવ્યો, ત્યાં દરવાજે સવા મણ લોઢાનું તાળું ભટકાવેલું તેને અડીને તે સ્ત્રીએ તરવારની તેને મુઠ મારી ને તાળાના બે ભાગ કરી નાંખ્યા. એવી તકમાં ઉધના જેવું ગામ હશે ત્યાંથી નવ ચોર શેહેરમાં ચોરી કરવા આવતા હશે કે આપણે શેહેરમાં જઇએ તો આપણું કામ ફત્તેહ થઈ જાય, એવામાં પેલી સ્ત્રી દરવાજા આગળ તેમને મળી, તેને જોઇને ચોર હસ્યા કે હોવે! આપણને સુકન તો આજે સારા થયા. એટલે તુરત પેલી સ્ત્રીએ સાઠ તીરના તીરકસમાંથી એક તીર કાહાડ્યો ને તાકીને તે મારિયો કે પેલા નવે ચોરને સહરડી નાંખ્યા. ત્યારે તે જોઈ માધવ રાઠોડ મનમાં વિચારવા લાગ્યો કે રાંડ ઘણી વસમી દીસે છે. આ સવા મણનું તાળું ભાંગ્યું ને નવ ચોરને સહરડી નાંખ્યા, કદાચ મને ભાળશે તો એ મારા પણ એવા હાલ કરશે. પછી ત્યાંથી આગળ ચાલતાં મીઠા મેરાવની નદી આવી; ત્યાં આરો કાંઠા ભરપુર, ત્યાં પેલી સ્ત્રીએ રાત દાહાડાના તુમડાં કરેલાં તે તુમડાં વતે તરીને તે સામે પાર ગઈ, તેની પાછળ માધવ રાઠોડ પણ રાત દાહાડાના તરનારા તે પણ તરીને પાર ગયા. હવે એવી રીતે બંનો ગયા ત્યાં સામો એક વાઘ આવ્યો તે કેહે કે ખાઉં ખાઉં, એટલે પેલી સ્ત્રીએ તરવાર વતે તે વાઘને પણ મારી નાંખ્યો. તે વખત માધવ રાઠોડ પાછળ હતા તેણે તે વાઘનો કાન કાપીને પોતાની ઢાલમાં રાખ્યો કે કોઈ સમે એ કામનો છે. પછી પેલી સ્ત્રી તો ફકીરના તકીઆ કને ગઈ ને કહ્યું કે માહારાજ દેહેલી ખોલો. હવે માધવ રાઠોડ પાછળ પાછળ જઇને આસોપાલોના ઝાડમાં સંતાઈ બેઠા છે. પેલો ફકીર ત્યાં કેહે છે કે હે રંડી તું ઇતની મોડી કાંહાસે આઈ? ત્યારે તે સ્ત્રી કેહે કે અરે માહારાજ મેરા પ-

શિએતકા ખાવન આયા હે, ઇસકી મેં ચાકરી બાકરી કીઈ, ઇસમેં મેરેકું બેર લગી. ત્યારે ફકીર બોલ્યો કે હે રંડી તું દુસરા ખાવન રખતી હે કે? એ બધું માધવ રાઠોડ પેલા ઝાડની મંહી રહ્યો રહ્યો સાંભળ્યા કરે છે, ને વિચારે છે કે મારો સાળો પશિએતનો ધણીં તો આજ તો! પણ કંઈ ફિકર નહીં જે સાહેબ કરે તે ખરૂં. હવે પાંહાં પેલા ફકીરે તો બે ચાર૦ ધોકા પેલી રાંડને મારિયા, તે બે ચાર ધોકા તેણે ખાધા કે ફકીર તાહાડો પડ્યો. પછી બંનોએ વાત ચીત કરી નીંદરા વસ થઈ સુઈ ગયા; પણ પેલી દેહેલીની સાંકળ દેવાની ભૂલી ગયા તે માધવ રાઠોડે જોયું તો કેહે કે હવે અંહિંઆ મારૂં કામ છે. તે પાધરા ઝાડ પરથીં ઉતરી પડ્યા ને દેહેલીમાં ગુસ્યા. રજપૂત બચ્ચા એટલે તરવાર તો પાસેની પાસેંજ. પછી તેણે વિચારયું કે હવે અંહીંઆ બંનોની ફાંસ કાહાડી નાંખું; પણ ના ના સ્ત્રી હત્યા, બાળ હત્યા, બ્રહ્મ હત્યા, તે ગઉ હત્યા એ ચાર હત્યાં તો કરવી નહીં, એમાં ઘણું પાપ છે; માટે વચમાંથી એબલા ફકીરની ફાંસ કાહાડી નાંખું. એવું ધારી તેણે તે ફકીરને તરવાર વતે મારી નાંખ્યો. મારી કરીને પાછો સામે ઝાડની મંહી સંતાઈ બેઠો. હવે બધું રૂધીર નીકળ્યું તે વહીને પેલી સ્ત્રી ઊંઘતી હતી તેની તળે તેનો રેલો ગયો, તેથી તે ઝબકીને જાગી ઊઠી, તેણે તરવાર હાથમાં લીધી ને આણી ગમ પેલી ગમ જોયું ને ચારે ગમ ફરી વળી, ને તરવાર પણ ચારે ગમ ફેરવી તો કોઈ માણસ તો નજરે આવ્યું નહીં, પણ પેલી તરવાર ચોમેર ફેરવતાં એક મોટી પથ્થરની ગદા હતી તેમાં તેની અણી જોરથી વાગી તેથી તે અણીવાળો કકડો ભાંગીને જ્યાં માધવ રાઠોડ ઝાડ પર બેઠા છે ત્યાં ઉડીને ગયો, તે કકડો પણ માધવ રાઠોડે લઈ લીધો ને પોતાની ઢાલના ભંડારિઆમાં રાખ્યો કે એ, પણ કોઈ સમે કામનો છે. એમ કરીને પાધરા માધવ રાઠોડ પોતાને સાસરે આવ્યા, ને જેમ સુતા હતા તેમ પાછા સુઈ ગયા. હવે પાંહાં પેલા ફકીરનો એક જરા જીવ હાલે છે, તે છેક અસરતો પડેલો છે. તે ફકીરનું માથું પેલી સ્ત્રીએ પોતાના ખોળામાં લીધું ને તેને હાથ પર લીંધો; ને પછી બોલી કે હે મારા બાળાપણાના મિત્ર તને જેણે મારયો તેને ૭ ઘડીએ કે ૭ દાહાડે માલમ પડશે, ને તેને મારે

મારી નાંખવો એ મારૂં સાતે પેહેડીનું વેર છે. પેલા ફકીરનો જીવ તો ગતે ગયો, પછી તેની ગાંસડી બાંધી ને તેને રેતીમાં ડફણાવી આવી. હવે પોતીકે વિચાર કરચો કે મારો ધણી આવ્યો છે તેણે તો એને નહીં મારિયો હોય, એમ વિચાર કરી પાછી પીયરમાં આવી, ને જોયું તો ધણી તો જે પાસ સોડ તાણીને સુતો છે તેજ પાસે સુતેલો છે, ત્યાં વિચારિયું કે એમાં તો કાંઈ મારવાના રામ નથી. પછે રાત્રીના બધા પોહોર વહી ગયા, સહવારે માધવ રાઠોડ ઊઠીને બેઠા થયા, દંતધાવન કીધું, ને ઘોડે અસવાર થવા લાગ્યા. ત્યારે સાળા સસરા તેને કેહેવા લાગ્યા કે તમારે મનથી તમે તેડવા આવ્યા કે મશકરી કરવા આવ્યા? તેડવા આવ્યા તો તેડી કરીને જાઓ, પણ માધવ રાઠોડે ત્યાં બાયડીનાં આવાં લક્ષણ જોયાં તેથી બોલ્યા કે હમો બંનો સાથે જઇએ તેમાં આબરૂ નહીં. હું મારા મોટા ભાઇને તેડવા મોકલીશ તેની સાથે તમો એને મોકલજો. ત્યારે પેલા સસરાએ વિચાર કરિયો કે એ વાત કેહેછે તે ખરી છે. એમ કહી માધવ રાઠોડ તો ત્યાંથી ચાલી નીસરિયા. હવે ઘેર આવતા. આઘેથી જુએછે તો ભાભી ભાળદે જેણે મેહેણું મારિયું હતું તે ઊંચે ગોખડાં (ઝરૂખા) ઉપર બેઠેલી છે, તેણે સામુંથી દીએર ભાળ્યા, પણ દેરાણી ભાળી નહીં. ત્યારે હવે તે ધાવ કહી પોતાના દીએરને કેવું કેહેછે, ને વાતનો મહિમા કેવો ચાલેછે!

હે દીએરિઆ ગયાતા સાસરી, મને સસિએર રમવા જેણ ॥
પણ ચટ ને પટ પાછા વળ્યા, મને અચરત લાગા નેણ ॥૨॥

ભાભી કેહે હે દીએર તમે સાસરે વહુને તેડવા ગયાતા, પણ તેને તેડ્યા વગર ઝટ ને પટ જલદી પાછા આવ્યા, એ મને અચરત સરખું લાગેછે. એવો માધવ રાઠોડે ભાભીનો ધાવ સાંભળ્યો, ને કહ્યું કે જો હું એના ઉપર પાછો ધાવ નહીં કહીશ તો એ મને મુરખમાં ગણી કાહાડશે, તેથી હવે માધવ રાઠોડ ધાવ કહીને પોતાની ભાભીને પાછી કવી સમજાવેછે!

દીઠી ખરી પણ નજરે ના ઠરી, અને જોઇ એના કુળની આપા॥
પણ જો બાલું એ કામની, તેમાં નહીં રેહે આપણું આપા॥૨॥

માધવ રાઠોડે ભાભીને કહ્યું કે હું મારી સ્ત્રીને મળી આવ્યો ને

તેના ઘરની રીત ભાત મેં જોઇ તેથી હવે એ સ્ત્રી મારે કામની નથી, એને તેડી લાવું તેમાં આપણા ઘરની શોભા રેહે નહીં, તેથી હું પાછો આવ્યો. ત્યારે ભાભી ભોજાદે એ સાંભળી મનમાં વિચાર કરેછે કે મારા કેહેવાથી એ ગયો ને તેનાં લક્ષણ જોઇ આવ્યો તેથી નીશ્ચે હવે સ્ત્રીને એ તજી બેસવાનો, પણ તેથી કરી મને તો સ્ત્રીનો નીશાસો લાગશે, તેથી હું એને એક બીજો પાછો ઘાવ કરું કે તેથી એ તેને તેડીનેજ આવે. ત્યારે હવે પેલી ભાભી પાછો પોતાના દીએરને કેવો ઘાવ કહીને સંભળાવેછે!

હે હરાય ગાયકા બછડા, અને ખરાબ રાંડકા પુત ॥
ખુંતા કાહાડે તે ગાલલાં, અને રણમાં કરે જુધ ॥૨૯॥
હે સેજ ભોગવો સાહેબા, અને તેડી લાવો એ નાર ॥
પણ એને જનમશે બેટડો, પાદશા શું બાંધે તરવાર ॥૩૦॥

હે દીએરિઆ તમે તેને મેલીને આવ્યા એ વાત ખરી, પણ એક હરાઇ ગાયનો વાછરડો જબરો, ને બેશીઆ રાંડનો છોકરો એવો જબરો થાય કે ભોંય પર પડેલા ગાલાને એમને એમ તાણી કાહાડે, ને તે રણમાં જુધ્ધ કરે તો જીતીને આવે; માટે તમે પાછા જાઓ ને તેને સમજીને તેડી લાવો, ને મજેથી ખાઓ પીઓ ને ચેન કરો, એને પેટે તો એવો છોકરો શૂરો થશે કે તે બાદશાહ સામે તરવાર લઇ લડશે. એવું જ્યારે ભાભીએ પાકું કહ્યું ત્યારે માધવ રાઠોડ પાછા બીજે દિવસે તેડવા ગયા ને પછી ત્યે તેને તેડીને લાવ્યા. પછી તેઓ બંનો સાથે રહ્યા, ખાધું પીધું, રંગ કરિયો, ઘર માંડ્યું. એમ કરતાં ધીમે ધીમે તેને પેટે શામળો, જોગો, જોરો, ને શૂરો એવા ચાર છોકરા થયા. તેમાં નાધકો શૂરો સહુથી ઉધમાતિઓ નીકળ્યો, તે ભલાનો દાબીયલ (કોઇ કંઇ ભલાને દાબી લાવે), સાધુડો પઠાણ (પઠાણ જેવો જુવાન), રાણી જાયો રજપૂત (જાણે રાણીથી જનમેલો એવો રૂપાળો), મરગલી કાઠી, (શરીર જાણે મ્રગના જેવું), ભાંગાનો ભેર (કોઇ હારે તેનો ભીડુ થાય), ને થાક્યાનો વીસામો (કોઇ થાકયો હોય તેને વિસામ આપે) એવો તે શૂરો થયો. એક દાહાડાના સમાજોગે માધવ રાઠોડ બાહાર નાહાવા બેઠાછે, પણ પીતાંબર નાહીને પેહેરવાનું તે ઘરમાં વીસરી ગયા તો રાણી પાસે માંગ્યું કે ઠકરાણા ઘરમાંથી પીતાંબર લાવો. એવી તકમાં

ઘરમાં બીલાડા બે બહુ લડતા હતા ત્યારે તે જોઈ ઠકરાણી કેહે કે મને તો બીલાડાનો ધાક લાગેછે માટે હું તો પીતાંબર લાવતી નથી, ત્યારે તે સાંભળી મનમાં ગુસ્સાથી તેને માધવ શેઠાંડ પછી કેવો ધાવ કેહેછે!

હે વાઘ વઢણ ને જળ તરણ, અને નવ શીર કાઢા જેણ ॥

પણ મંજારા ભાગી નારી ડરે, મને અચરત લાગા નેણ ॥રહી॥

હે રાંડ તું મોટી નદી તરી ગઈ ને વાઘને મારી નાંખ્યો, ને નવ મુસ્તક (ચોરના) છેદી નાંખ્યા તેથી તું નહીં બીધી, ને આજે બીલાડા ભાગી તું બીએછે એ મને મોટું અચરત સરખું લાગેછે. એવું સાંભળી પેલી સ્ત્રી તુરત બોલી ઉઠી કે સ્વામી એ શું બોલ્યા? તો કેહે બોલ્યા. તે ખરૂં જ તો, જા તારે નિશાનો જોતી હોય તો મારા ઢાલના ભંડારિઆમાં વાઘનો કાન અને તરવારની અણીનો કકડો છે તે જો. પછી જઈને તે સ્ત્રીએ બંને વાનાં જોયાં, ને મનમાં વિચાર કીધો કે, અરેરે! મારા બાળપણાના મિત્રને એણેજ મારી નાંખ્યોછે, માટે મારૂં વચન ખાલી જવા દેવું નહીં. એવું વિચારી પછી તેણે એક હાથમાં પીતાંબર લીધું, ને સોડમાં બેધારૂં ખડંગ લીધું ને પછી જાંહાસો કરીને બોલી કે લ્યો પેહેરો પીતાંબર. તે અવળે મોંડે પેહેરવા ગયા એટલે પેલું બેધારૂં ખડંગ સોડમાંથી કાહાડીને પાછળથી મારચું, ને બોલી કે ધાજોરે ધાજો બાહારનો ચોર આવ્યો તે મારા ધણીને મારીને જતો રેહેછે. બધા ગામના લોક દોડી આવ્યા, બાહારનો તો ચોર કોઈ માલમ પડ્યો નહીં, તેથી તેઓ પાછા ગયા. હવે ચાર છોકરાઓએ વિચાર કીધો કે આપણને ને આપણા પીતરાઈને તો છે વેર, તેથી કોઈ દાહાડો ખરાબ થયશું. આજ તો એણે આપણા બાપને મારિયો, તે કાલ ઉઠીને કદાચ આપણને મારે, માટે અંહિંઆ રેહેવું નહીં. પછી તેઓએ બાપનો દાહાડો પાણી કીધો ને પછી ત્યાંથી ઉચાપત થયા, તે વેરાવળ પાટણને તખતે જઈને વસ્યા. હવે મારો વાહાલો શૂરો તે ઘણો ઉધમાત કરતો ફરે, કોઈ સ્ત્રી પાણી ભરવા જતી હોય તો તેના બેડા પર સીસાની ગોળી મારે, કોઈનું કાણું બેડું મીણથી સાંધી આપે, એવી રીતે ઘણું ઉધમાત કરે. ત્યારે ત્રણ ભાઈએ વિચાર કીધો કે આપણો ભાઈ ઉધમાતો છે, એક શેહેરમાંથી તો આપણે ઉચાળો ભરિયો ને વળી અંહિંઆથી

કાહાડી મેલશે તો આપણી શી ગત થશે. માટે એને કંઈ ધાકમાં રા-ખીએ તો સારૂં. એવું વિચારી ત્યાં શેહેરમાં એક જતી નિશાળ માંડેછે તે નિશાળે સાડી ત્રણસો નિશાળીઆ ભણેછે ત્યાં તેને ભણવાને મૂક્યો. ભણતાં ભણતાં આઠ દશ મહિના થયા એટલે શૂરો વંડો નિશાળીઓ થયો. તે નિશાળમાં તે નગરનો રાજા ઘેલડાકણ કરીને છે તેની છોકરી પણ ભણેછે તે સાત પડદા વાળ્યાછે તેની મંહી ભણેછે. ત્યારે ત્યાં શૂરો મેહેતાજીને પુછેછે કે આ પડદામાં કોણ ભણેછે? ત્યારે જતી મેહેતાજી કેહે કે એમાં તો રગત પીતનું માણસ છે તે ભણેછે. ત્યારે શૂરો કેહે મને તે દેખાડો. મેહેતાજી બોલ્યા કે તે તને દેખાડવામાં નહીં આવે. તેને જે જુવે તે જોનારો પણ રગત પીતીઓ થઈ જાય, માટે તને નહીં બતાવું. ત્યારે શૂરો મનમાં કેહેછે કે ઠીકછે નહીં બતાવો, કોઈ દાહાડો જોઇ લઇશ. એમ કરતાં કરતાં મહિનો એક વહી ગયો. એક દાહાડાને સમયે મેહેતાજી નદીએ નાહાવા ગયા ને નિશાળ શૂરાને સોંપી ગયા કે શૂરદે શઠોડ નિશાળ જોજે ભાઇ. તેવામાં શૂરાએ તેના ગયા પછી વામ દેડકનો કેરડો બનાવ્યો, ને તેનો માર મારી બધા સાડી ત્રણસો નિશાળીઆને ઘેર તગેડી મેહેલ્યા, ને પછી પોતે એખલો રહ્યો. ત્યાં તેને એક પડદો ખોલ્યો, પછી બીજો ખોલ્યો, પછી ત્રીજો ખોલ્યો, એમ કરતાં કરતાં સાતે પડદા ખોલ્યા ને પછી માંહે જઈ જુવે છે તો હામ કામ લોચની, અગલી કાડી, દેરા છુટા મુગલ, લાંબી વેણ લટ ઘણી, ઝીણી પાંસળીઆં, નવરે દાહાડે નારણે ઘડેલી, એવી કામનિધા. એવી રૂપાળી, તીક્ષણ આંખની, ગુણવાળી, નાજુક શરીરની, મોટા ઓટલાની, ઝીણી પાસળીવાળી, સુંદર છોકરી તેમાં ભણતી તેણે દીઠી. તેને જોઇ બોલ્યો કે આ કાળા પાણીનો માલ ભણનારો તેથીજ મારો વા-હાલો મેહેતાજી મને બતાવતો નહતો, પણ કંઈ ફિકર નહીં હવે મારો લાગ આવ્યો, એવું કહી પછી તેની પાટી ખોળામાં લઇ તેને અવળે પાસે ઘાવ તે કેવા લએછે, ને વારતા કેવી ચાલેછે!

હે તીખું તોરિંગ મેં ન પજાણીઉં, જ્યાં શીર ખગ ને લગ ॥
આ તો જનમારો એળે ગયો, આવી કામની કંઠ ન વળગ ॥રહી॥

અરે આ મારો જનમારો તો એળેજ ગયો કે મને આવી બાયડી

મળી નહી. હું તો એવ ધોડે બેઠોજ નહીં, પણ ફિકર નહીં મારૂં માથું વઢાઇને કકડા થઇ જાય પણ એવી બાયંડી મેળવુંજ ત્યારે ખરો. એવો ધાવ માટી ઉપર પાછળ લખીને પાછા સાતે પડદા અસલ જેમ હતા તેમ વાળીને પાંછો મેહેતાજીની ચોતરી ઉપર આવીને બેઠો. એવામાં પેલા મેહેતાજી પણ નાહી કરીને આવ્યા, તેણે પછી પુછ્યું કે શૂરદે નિશાળીઆ બધા કયાં ગયા? ત્યારે તે બોલ્યો કે મેહેતાજી માહારાજ તમને લાગી વાર, ને નિશાળીઆ બધા થયા ભુખ્યા તેથી મેં તો બધાને કાહાડી મેહેલ્યા, મેહેતાજી કેહે કે શુરદે ભાઈ સારૂં કરિયું. મેહેતાજી શૂરદેની આંખ કારમી જોઇ મનમાં તો એમ ધારેછે કે (કંઇ આડું અવળું બોલીશ તો મને પણ ઝીકી નાંખશે). પછી મેહેતાજી કેહે કે ભાઈ હવે તમે પણ જમવા જાઓ, પછી શૂરદે જમવા ગયો. તેના ગયા પછી ઘેલડાકણ રાજાની છોકરીને મેહેતાજીએ ગડદામાંથી કાહાડી, ને તેને પણ જમવા મોકલી. હવે ઘેલડાકણ રાજાની કચેરીમાં સાત પાંચ મોટીઆળા, સાત પાંચ દાઢીવાળા, ઘેલડાકણ રાજા પોતે વગેરે બેઠાછે, તેઓ બધા પાન સોપારી ખાયછે, કસુંબા પીએછે, ત્યાં થઇને પેલી છોકરી ઘેર ચાલી જાયછે. ત્યારે પરમેશ્વરને વાત કરવી છે તો રાજા પોતાની છોકરીને બોલાવીને કેહેછે કે લાવો દીકરી પાટી આજે ભણતર કેવું ભણી આવ્યા, જોઉં. પછે છોકરી પાસેથી પાટી લીધી ને તે સવળી કરીને જુવેછે તો તેના પરનો ધાવ કંઈ ઉકલ્યો નહીં, પણ અવળી કરીને જુવેછે તો ધાવ ઉકલ્યો. પછી તે ધાવ વાંચીને છોકરીને કહ્યું કે બેટા તને આવું ભણતર કોણે ભણાવ્યું? ત્યારે તે બોલી કે મેહેતાજીએ ભણાવ્યું. ત્યારે રાજા બોલ્યો કે હેરે કોઈ હાજર છે, તો કેહે એક કરતાં એકવીસ. એમ કેહેતાં વારનેજ મોટા મોટા ઉભા થયા, તેમને રાજાએ કહ્યું કે જાઓ મેહેતાજીને બાંધી લાવો. મેહેતાજીએ તે લોકોને જોર ભેર આવતાં જોતાંજ તે બીચારો તો કાછડી ખોસવા જાય તો પાટલી નીકળી જાય, ને પાટલી ખોસવા જાય તો કાછડી નીકળી જાય, ને ખાટલા પરથી પડે પાટલા પર ને પાટલા પરથી પડે ખાટલા પર એવો તે ગભરાયો. પછી મેહેતાજીને સીપાઈ તથા બધા ગયલા તે બાંધીને લઈ આવ્યા, ને રાજાના મોંઢા આગળ ઉભો રાખ્યો. પછી રાજા તેને કેહેછે

કે કેમરે મેહેતાજી તું પારકા છોકરાને આવું ભણતર ભણાવેછે? ત્યારે તે બોલ્યો કે માહારાજ એ માહરૂં ભણાવેલું નહીં હોય, કોઇ નિશાળીઆનું હશે. તો કેહે બધા નિશાળીઆને હમણાં ને હમણાં ભેગા કર, ને એ કોનું લખેલુંછે તે શોધી કાહાડ. પછી મેહેતાજીએ બધાં નિશાળીઆને એકઠા કીધા, ને બધાના લખાવીને અક્ષર મેળવ્યા તો કોઇના અક્ષર મળ્યા નહીં. ત્યાં તે વખતે શૂરદે રાઠોડ હતો નહીં તેને તેડવા ગયા ને તેને બોલાવી લાવ્યા ને પછી તેની પાસે અક્ષર લખાવીને મેળવ્યા. તો તે અક્ષર બરાબર મળી રહ્યા. ત્યારે રાજા તેના ઉપર ગુસ્સે થયો કે એને હું મારી નાંખું, એ મારી કુંવરીને છેડનાર કોણ? એવા રાજા ગુસ્સે થયેલો જોઇ પછી પ્રધાને કહ્યું કે માહારાજ એ તો ઊંચા કુળનો રાઠોડ જાતનો છે, એવો વર શોધવો હોય તો મળે નહીં. ત્યારે તે સાંભળી ઘેલડાકણુ રાજા મનમાં ઘણો ખુશી થયો કે એ કુળ મારા હાથમાં કયારે આવે? વાસ્તે હાલ એ કુળ હાથ આવ્યું તો એનેજ મારી દીકરી પરણાવવી. એવું કહી જોશીઓને બોલાવી ઘડિયાળાં લગન લીધાં, લીલા પીળા વાંસ વડાંવ્યા, નવરંગી ચોરી ચણાવી, એકદંડો મેહેલ બનાવ્યો, ને પછી ત્યાં પોતાની દીકરીને શૂરા સાથે પરણાવી દીધી. હવે શૂરો તથા તેની વહુ ત્યાં ખાય પીએ ને ચેન કરેછે, એવામાં એક દિવસને સમાજોગે ઘેલડાકણુ રાજાએ પોતે અંધારે પીછોડો હોડેલોછે, ઘોડે અસવાર થયલોછે, ને મધરાતને સમયે બધે નગર ચરચા જોવાને ફરેછે, ફરતાં ફરતાં એક ઠેકાણે સરોવરિઆ તળાવ છે ત્યાં એક ધોબી લૂગડાં ધોતો હતો ત્યાં આવી પોહોંચ્યો, તે ધોબીને ઘેલડાકણુ રાજાએ લૂગડાં ધોતો જોયો, તો પછી તેને ધાવ કહી રાજા કેવી રીતે કેહેછે.

હે ધોબી ધુવે રૂડાં કપડાં, અને ધુવે સરોવર તીર॥
પણ હું તને પુછું પરેચડા, તું કોના પખાલે ચીર॥ રહી॥

રાજા ધોબીને કેહેછે કે હે ધોબી હું તને પુછું છઊં કે આ મધરાતને સમયે સરોવરને કાંઠે તું આ કોના સારાં લુગડાં ધુવેછે? ત્યારે તે સાંભળીને ધોબી પાછો રાજાને કેવો જવાબ આપેછે.

હે માધવ ને કેશવ બે બંધવા, અને રાજાને ઘેર વજીર॥
પણ તેને ઘેર રાણી પદમનિ, હું તેનાં પખાલું ચીર॥ રહી॥

ધોબી કેહેછે કે માધવ ને કેશવ બે ભાઈઓ તે રાજાજીને ઘેર વજીર છે, તેની રાણી પદમનિનાં એ કપડાં છે તે હું આ મધરાતને સમયે ધોઉં છઉં.

ત્યારે તે સાંભળી રાજા તેને કેહેછે કે દાહાડાના બધા ચાર પોહેર ને રાત્રીના ચાર પોહેર તેમાં તારૂં પેટ નથી ભરાતું કે તું આ મધરાતને વખતે ઉઠી આવીને કપડા ધુવેછે! ત્યારે ધોબી બોલ્યો કે દાહાડાનું હું એ કામ કરતો નથી. દાહાડે કપડાં ધોઉં તો માનવી નરખી જાય, ને ભમરાં વાસને લીધે આકાશથી આવે તે મને કરડી ખાય,ને તે કપડાની માંહિથી વાસ પણ ચુંસી જાય,કેમકે એ પદમનિનાં કપડાં બહુ ખુશબોએ ભરેલાં હોયછે, તેટલા વાસ્તેજ રાજાજી મારે એ કપડાં આ મધરાતને સમયે રોજ પખાલવા પડેછે. તેવારે ઘેલડાકણુ રાજા ત્યાં પોતાના મનમાં વિચાર કરેછે કે મારે ઘેર આટલી બધી પદમનિ છે તેનાં ચીર એવાં ખુશબોદાર નથી ને મારા વજીરને ઘેર તેની પદમનિનાં કપડાં શું બહુ ખુશબોદાર છે? પણ ના ના હું એને જોઉં ત્યારે એ વાત ખરી. પછી રાજા કંઇ ફરિયો નહીં ફરિયો ને લાગલો ઘેર આવીને સુતો.રાત્રીના ચાર પોહેર વહી ગયા, ને વાહાણું વાયું. વાહાણું વાતે પેલા બંનો પોતાના વજીર વડનગરના રેહેનારા જાતના નાગર વાણીઆ છે તેમને ઘેર તેડાવ્યા, તેડાવીને તેમને રાજાએ કહ્યું કે પ્રધાન બાહારવટીઆ ચોર બહુ મુલક જેર કરેછે માટે તમે જાઓ ને તેની ખબર કાહાડો,ને કાઠિઆવાડી ઘોડા લાવો. હાકેમ બોલે તે નાવ, પાસો પડે તે દાવ, જાંહાં મોકલે ત્યાં જાઓ, ને પાસે હોય તો ખાવ. એવું કહીને મોકલ્યા ત્યારે તે તો ગયા. હવે તેઓ ગયા પછી પોતાની એક દાશીને રાજાએ ઉભી કરીને કહ્યું કે તું જઇને આપણા પ્રધાનને ઘેર રાણી પદમનિને કેહે કે આજ રાજા તારે મોહોલે પરોણા આવેછે. હવે પ્રધાન નાગર વાણીઆ ને તેમની બઇરી નાગરી તે કંઇ કાચી નહીં. તે સ્ત્રીઓએ વિચાર કીધો કે આપણા ધણીને પરદેશ કાહાડીને રાજા આજે આપણે મોહોલે આવેછે તેથી નીશચે રાજાની કંઇ આજ નજર બગડીછે ખરી. તેથી તે સ્ત્રીઓ પેલી દાશી કેહેવા આવી તેને કેહેછે કે જેમ દીકરીને ઘેર બાપ આવે ને બેહેનને ઘેર ભાઇ આવે તે પ્રમાણે રાજાને કહીએ

કે, આવો તો આવો, નહીંતો બેસી રોહો. હવે તે દાશી જરા જાતની જુઠા બોલી તે રાજાને આવીને કેહેછે કે રાજાજી તે તો તમારી રાહજ જુએછે, ત્યારે રાજાએ લાભ લશકર બધું તૈયાર કીધું! અસ્વાર બધા તૈયાર કરેચા, ને પેહેરવેશ પેહેરીને રાજા તો ચાલ્યા ને પદમનિને ઘેર આવ્યા. હવે ત્યાં આવ્યા તેવારે પેલી બંનો સ્ત્રીઓએ વિચાર કીધો કે ઘણે દાહાડે રાજા આજે આપણા બાપ બરોબર થઇને આપણે મોહેલે આવ્યાં માટે એને કંઇ સારૂં સારૂં કરીને જમાડીએ. એમ વિચારી બત્રિસી રસોઈ કરી, તેત્રીશા શાક બનાવ્યા. પછી બત્રીસ ખાનાની રૂપાની થાળી મુકીને ઘેલડાકણુ રાજાને ત્યાં જમવા બેસાડ્યા. સવા પાનસેર રૂપાની વાહાડીમાં ઘી ભરીને સોળે શણગાર સજીને જેઠાણી રાજાને ઘી પીરસવા આવી, એટલે રાજાએ ખોબો ધરેચો. પેલો ખોબો તો ભરાઇ ગયો. એ વામાં રાજાની નજર પેલી સ્ત્રીના ઉપર ગઇ, તેને જોતામાં તેના રૂપથી તે તો વીકળ થઇ ગયો, તેથી પેલો ઘીનો ખોબો ભરાયો તો પણ તે હા કે ના. કેહેતો નથી, ત્યારે ઘી તો હેઠે જવા લાગ્યું. પછી તે સ્ત્રીએ વિચાર્યું કે એ મને જોઇને વીકળ થયો પણ મારા બાધા પાડનું ઘી બગડેછે એમ વિચારી તેણે ધાર વાળી ને પાછી ફરી, (તે વખતે તેનાં મનમાં તો એવું આવ્યું કે મારૂં એના માથામાં આ સવા પાનસેરની વાહાડી ને કાહાડું એના માથામાંથી દહીં) પણ ના ના એ સોનો પાળનારો છે એમ વિચારી ગુમ ખાઇ ગઈ ને પાછી વળી, એટલે ઘેલડાકણુ રાજાએ તુરત તેની સામું જોયું ને ચાલ્યો કે પેલો ધોબી કેહેતો હતો કે મારી પદમનિ એવી છે કે માનવી નરખી જાય ને ભમરા તેના કપડાંની ખુશબો ચુંસી જાય એ વાત તો ખરી દેખું! એમ કેહેતાંજ પેલો ઘીનો ભરેલો ખોબો છટ સઈ રાજાએ તેનાં લુગડાં ઉપર પાછળથી છાંટ્યો. ત્યારે તે બોલી કે ચેત ચેતરે દેરાણી રાજા તો ઘેલા થયોછે એમ કહી બંનોએ દાદર બારી ઉઘાડી હતી ત્યાંથી મોહોલની અટારીએ ચહડી જઇને પછી તે ઢાંકી દીધી. હવે એવું થતાં ઘેલડાકણુ રાજાએ તો ત્યાં કંઇક ખાધું ને નહીં ખાધું એમ તે ફીકો પડી ગયો. હવે પેલી સ્ત્રીઓએ ત્રીજે માળેથી બૂમ પાડી એક કાસદને બોલાવ્યો ને કાગળ મગાવ્યો ને તેમાં બાવ લખ્યાં કાસદ જોડે તે પોતાના ધણીને કેવી રીતે સંદેશા કાહાવેછે।

હે વાડીએ રૂઠ્યો બગલો, તો શું ચરે અને શું ખાય ॥

પણ ઘેલડો કોપ્યો મોહોલમાં, નગરમાં કેમ રેહેવાય ॥
દેવડીએ ચહડી નરખિયા, અને ત્યાં છે મોટા દેવ ॥
પણ સમુદ્ર ઘોડો ફેરવી, તમો કરો પીયાની સેવ ॥૨૯॥

તે સ્ત્રીઓએ કાગળમાં સંદેશો લખ્યો કે સ્વામીનાથ હમો નારી જાત ઉપર નર રૂઠેલો છે તો શું ખાઇએ ને શું પીએ! આપણે મોહોલે ઘેલડા કણ રાજા એ ઇજતથી આવ્યો છે તો હવે એ નગરમાં કેમ રેહેવાશે? એ મોટો પ્રતિપાળ રાજા આપણી દેવડી પર ચહડી આવ્યો ને અમારી લજ્યા એણે લીધી, માટે તમો જાંહાં હો ત્યાંથી ઘોડાને પાછો ફેરવી ઘેર પાછા આવવાની તરત તૈયારી કરજો. એવો ઘાવ લખીને તે કાગળ તેણે કાસદને આપ્યો. પછી ઘેલડાકણ રાજા ત્યાં છે તેને તે સ્ત્રીઓ માળ ઉપરથી કેવો ઘાવ કહીને સંભળાવેછે!

હે કેશરી મુછ ને ભોરિંગ મણા, ને સરણાગત શોઢાય ॥
સતીનો પવર ને કરપીનું ધન, મુવા પછી પર હાથ જાય ॥૨૯॥

હે રાજા સિંહની (વાઘની) મુછ, સાપનું મણી, શરણાગત રાજાનો મુલક, સતીનો પવર, અને પાપીનું ધન એ પાંચો પ્રાનાં તે જીવતાં છતાં કોઇને હાથ ચહડતું નથી, પણ મુવા પછી પારકાને હાથે જાયછે. કેહેવાની મતલબ એ કે (હે રાજા તું રંડીબાજ એ તારી બૂરી ટેવ તું જીવતાં છતાં કંપૂ જવાની નથી, પણ તું મરશે ત્યારેજ એ તારી ટેવ જશે. એવો રાજાને ઘાવ કહ્યો, ને વળી કહ્યું કે રાજા તું મોટો છે, નહિતો અહિંઆ તને કાંઇનું કંઈ કરત. એવું જ્યારે રાજાએ સાંભળ્યું કે તરત તે તો પછી ત્યાંથી જતો રહ્યો. પછી પેલા કાસદને પાછું તે સ્ત્રીઓ કેહેછે કે હમારા ધણી જ્યાં મળે તેને કેહેજો કે ખાધું હોય જંહી, તો પાણી પીજો અંહીં, એમ કેહેજો. પેલો કાસદ તો દોડયો ને કાગળ તેમના ધણીને આપ્યો, એટલે તેઓ આવો કાગળ વાંચી તરત પાછા આવેછે. હવે એવી તકમાં દીલ્હી વાળો રાજા તેર તુંબા, નવ લાખ ફોજ લઇને સામો લડવા આવેછે તેની તેઓ બંનો ભાઇઓએ ખબર કાહાડી, ને તેને ત્યાં મળ્યા. ત્યારે તે દીલ્હીવાળો રાજા બંનો ભાઈ નાગર વાણીઆને પુછેછે કે તમ કોણસે નગર કે લોક હો? ત્યારે તે બોલ્યા કે અમ શેહેર ગુજરાત કે લોક હિંદુ. તો કેહે તમેરી ગુજરાત કેસી હે? તો કેહે અમેરી

ગુજરાત નવ લાખ તારામે ચંદ્રમાં, પાઘડીમેં છોગા, મો પર મુછા, વીટીમે નગીના, એસી હે. તો કેહે એઈ ગુજરાત લેવા જાય એસા કુચ હોવે? તો કેહે હા તુમ કરો તમેરી તૈયારી, અમ દોનો બાઇ એઇ રાજકા ભોમિયા હે, અમ ઘર જા કર આતા હે, પીછું જબ બાત તમકું કરેગા. એવું તે રાજાને કહી પેલા લાગલા બંનો ભાઈ ઘેર આવ્યા. આવી કરીને તેમણે બધી હકીકત ઘરમાં પુછી તો બંનો બાઇઓએ જેવી હકીકત બની હતી તેવી સઘળી કહી. તે સાંભળી બંનોને ઘણો ગુસ્સો લાગ્યો ને તેઓ તરત રાજા પાસે ગયા, ને જઇને તેને કહ્યું કે લે રાજા તારી ઘોડી, હમે તારો નોકરી છોડી. એમ કહીને પાધરા તેઓ ત્યાંથી પાછા ફરિયા, ને દીલ્હીના પાદશાહ કને તેઓ આવ્યા, ને તેને કહ્યું કે તમ કરો તમેરી તૈયારી. અમ દોનો મીલી લડત કર કર અમેરે હાથસેંજ રાજ સબ તમકું અપા દેઈંગે. એવું કેહેતાંજ દીલ્હીના પાદશાહે પછી ઘેલડાકણુ રાજાના મુલખથી ૨૫—૩૦ ગાઉ આઘે પોતાનો લશ્કર સાથે પડાવ નાંખ્યો, ને ત્યાંથી કાગળ લખી રાજા ઘેલડાકણુ ઉપર મોકલ્યો. તેમાં લખ્યું કે તારે લડવું હોય તો તૈયાર થા, નહિંતો અત્રળે હાથે બંધાઇને મને પગે લાગી જા. પાંહાં દીલ્હીના પાદશાહે પડાવ આગળ આળાં ચામડાંનો કોટ બનાવ્યો, અંગારાની ખાઈ ખોદાવી, વાઘની ચોકીઓ બેહેલાવી, ને તેની ખબર ઘેલડાકણુ રાજાને કરાવી. હવે ઘેલડાકણુ રાજાએ શું કરયું, કે પાનનું બીડું ને સોનાનો ટકો તે સાથે દાંડી ફેરવી કે દીલ્હીના પાદશાહની સામો લડવા જાય એવો કોઇ માઇનો પૂત છો હોય તે આ સોનાનો ટકો ને પાનનું બીડું તરત ઝડપી લે. ત્રણ દાહાડા સુધી દાંડી ફરી પણ એવો નર કોઇ જડ્યો નહીં. તેવામાં ત્રીજે દાહાડે સાંજના વખતે બારી આગળ પોતાનો જમાઈ શૂરેદે રાઠોડ બેઠેલો છે તેને રાજાએ જોયો, તેને જોઈ તે કેહેછે કે ભલે ભલે માધવદેના છોરૂ, ભલે તું શૂરેદે રાઠોડ નામ ધરાવેછે. ધંન છે તારા માતપિતાને, પણ તારા વગર પાદશાહની ખબર લેવા જાય એવો કોઈ માઇનો પૂત નથી. એવું જ્યારે સસરાએ કહ્યુ ત્યારે શૂરેદે હરખાણો, ને તેની આંખમાં પણ તરત કમળો ભરાઈ આવ્યો તેથી તણે પાધરો બીડા ઉપર હાથ મૂક્યો. હવે એને માથે સાડા ત્રણ દાહાડાનો શીકોતર મા-

તાનો હાથ છે કે ગમે તેમ એને લડાઇમાં વાગો પણ તે વાગ્યા પછી કે ઘાયલ થયા પછી સાડા ત્રણ દાહાડા વગર એ મરે નહીં, અને સાડા ત્રણ દાહાડાની અંદરે જો શીકોતર માતાનું સ્મરણ કરે તો તરત તે સારો થઇને ઉભો થાય. હવે શૂરાએ બીડા ઉપર હાથ મૂક્યો તો ત્યાં તે વખતે તેની ધણિઆણી (ઘેલડા કણુ રાજાની છોકરી) ઉભેલી છે તેની નજર પેલા બીડા ઉપર ગઇ તો પોતાના ધણી શૂરદેનો તેના ઉપર હાથ મૂકેલો દીઠો, તો હવે તે બીડું ઝડપે નહીં તેને વાસ્તે તે પોતાના ધણીને ધાવ કહીને કેવી રીતે સમજાવેછે!

હે સભામાં શોભતાં પાંદડાં, ને ગરવા કંથ પોશાય ॥
પણ લેવાય તો લઇ શકજો, નહિંતો શિર સાટે વસાય ॥રહી॥

હે કંથ (સ્વામી) તમે પાદશાહની સામે લડવા જ્યાને મનમાં ગુમાન રાખોછો, પણ સભામાં જેમ પાંદડાં કેમ શોભેછે તેમ તમે એક શોભિતાં પાંદડાં બરાબર છો (મતલબ કે તમારો ત્યાં આસરો નથી), તેથી જો તમારાથી એ કામ બનવાનું હોય તો તમે એ બીડું ઝડપજો, નહિંતો તમારૂં મુસ્તક છેદાઇને ત્યાં તમારો જીવ જશે.

એવો ધાવ પોતાની સ્ત્રીએ કહ્યો તે સાંભળ્યો, ત્યારે તે સાંભળી શૂરદે પાછો તેનો ઉત્તર પોતાની સ્ત્રીને કેવો વાળેછે!

હે કંઇક લીધા કંઈ લેવડાવિયા, અને કંઈ લેવે સમરથ ॥
પણ રણમાં તો પડે બૂમડી, ત્યાં જોજે મારા હાથ ॥રહી॥

હે સ્ત્રી મેં કંઇકના રાજ લીધા, ને કંઇકને હરાવીને તેમને ઉચાળા ભરાવ્યા, ને સમરથ છઉં તો હજુ લઇશ, પણ તું હિમ્મત શું કરવા મૂકેછે! ત્યાં જુદ્ધમાં કીકીઆરી પડે તે વખત જોજે કે મારા હાથ કેવા ઉપડેછે! નવ લાખ ફોજમાં જ્યાં કે મેં અમલનું પોતું ને પાણીનો છાગળિયો લીધો કે તે વખત હું એવો જબરો થઇશ કે જાણે લોઢાને બચકા ભરૂં; માટે તારે કંઇ ફિકર કરવી નહીં, તારે આજે જે કરવું હોય તે કરી લે એવું કહ્યું. પછી સવા મણ ફુલની સેજ મંગાવી, હાંડી તખતા ટંગાવ્યા, અગર બત્તી મીણ બત્તી સળગાવી, ને દીવાની સારી રોશની કરી. તેની સ્ત્રીએ સારી રસોઇ બનાવી ને બંનો રાત્રે સાથે બેસીને જમ્યા, જમી કરીને પછી સેજમાં પોહોડ્યા. એવામાં રાતના બાર વાગતાને સમા-

ઉજોગે પેલી સ્ત્રીનો હાથ ઊંઘમાં શૂરાના પાસા તળે આવ્યો,ને તેને હાથે સુનાનો ચુડો હતો તેની જડ શૂરાને ખુંચી તેથી તે હોકાટ કરીને ઝટ ઉભો થયો,ને તરત પોતાની સ્ત્રીને કેહેવા લાગ્યો કે જો જોતો એ મને શું ખુંચ્યું, કંઇ કરડ્યું તો નથી? પેલી સ્ત્રી ફુલ ને ફુલનો પાંખડી બધી જોઇ વળી, પણ મહિ કંઇ દીઠું નહીં. એવી તકમાં ઘરનો દીવો વડો થતો હતો તે દીવા તે સંકોરવા ગઈ એટલે દીવેલવાળી આંગળી થઈ તે આંગળી (સ્ત્રી જાતનો ઘણીખરીનો ધારો કે પોતાને ચુડે ચોપડવા જાય) ચુડાને ચોપડતાં ચીપની જડ છુટી પડેલી તેને માલમ પડી, તેજ શૂરાને ખુંચેલી, ત્યારે તે જોઇ તે ખડખડ હશી પડી. ત્યારે શૂરો તેને કેહેછે કે હે કેમરે વડારણ તું કેમ હશેછે? ત્યારે તે બોલી કે હે સ્વામીનાથ આટલી ચુડાની ચીપની જડ તમને ખુંચી તેથી તમે આવડો હોકાટ કરી બેલ્યો, તો કાલે બરછીના ને ભાલાના માર તમારાથી કેમ સેહેવાશે? ત્યારે શૂરો તેને કેહે કે હમો સેજમાં સુંવાળા, ને જ્યાં પાદશાહના કટકમાં જઇએ ને અમલે ચડાવિએ ત્યાં થઇએ લોઢાથી વજ્જર, એવા હમો છઇએ. બણ ના ના આ ચુડો એના મને અપ શુકન થયા તેથી એ મને કામ નહીં, માટે ચુડો તું ઉતારી નાંખ. ત્યારે તે સ્ત્રી બોલી કે હે સ્વામીનાથ તમો છતે ધણીએ ચુડો ઉતરાવી મને રંડાપો આપો છો એ કેમ બને! હું ચુડો તો નહીં ઉતારવાની, એમ કહી તે ઘણીજ દદરી. ત્યારે શૂરાએ તેને કહ્યું કે તું દદરેછે શાને, જાઉં પાદશાહના કટકમાં, મારૂં મેઘા હાથી, તેના લાવું દાંત, તેનો વેહેરાવું ચુડલો ને તને પેહેરાવું એ મારી સાતે પેહેડીનું વેણ છે. એવું કહ્યું ત્યારે પેલીએ ચુડો કટ કટ કરતો ઉતારી નાંખ્યો. પછેં બેઠા, વાત ચીત કરી, એવે રાત્રીનો પોહોર વહી ગયો. સહવારે ઉઠ્યાં, દંત ધાવન કરવા બેઠાં ને સૂરજને નમસ્કાર કીધા.. એ વખતે શૂરાની નજર ઓળા સામું પડી તો તેને કાંઇ માથું દીઠું નહીં, એવા અપ શુકન થાયછે, પણ પેલો કંઈ ડરતો નથી. પછી જુવેછે તો માથા ઉપર સમડી આવી ને તે ત્યાંની ત્યાં ભમ્યાજ કરેછે, ત્યારે ત્યાં તે સમડીને ગુસ્સે થઇને શૂરદે રાઠોડ કેવી રીતે કેહેછે.

હે ગરધન મા ભમ ઉતાવળી, ને જબ પલાણું તજ્ઞ ધીર ॥
પણ કેહે તો શિર દઉં બેસણે, નહિંતો લેવું સામાનું શરીર ॥ ૨હી॥

હે સમડી તું અંહીંની અંહીં ભમ્યા કરેછે પણ હું જ્યાં સુધી ઘોડા ઉપર બેસીને જાઉં ત્યાં સુધી તું ધીરજ રાખીને અંહિંઆ નહીં આવ. મારૂં કહ્યું કરે તો તેને મારૂં માથું આપું, નહિંતો સામાનું માથું લેવું એવો હું છઉં. વળી તેને કહ્યું કે હું પાદશાહના કટકમાં જાઉં છઉં ત્યાં લોહી માંસ પુંશકળ ખાવાનું છે તે તારાથી ખવાય તેટલું ત્યાં ખાજે, માટે હાલમાં તું અંહીં ના ભમ ને ચાલી જા. એવું જ્યારે કહ્યું ત્યારે પેલી સમડી તો તેને ઠેકાણે થઇ. પછી શૂરદે ઢાલ તલવાર લઇ ઘોડે અસવાર થયો, તેની સાથે તેની સ્ત્રી તથા બીજા થોડે સુધી વળાવવા જાય છે, ત્યારે એવી તકમાં માલણ હાર લઇને સામી આવી તે હાર શૂરાએ તેની પાસેથી લીધો, તે લેના વારનેજ શૂરાની ધણિઆણી ત્યાં છે તે પેલી માલણને કેવી રીતનો ઠપકો આપેછે !

હે માલણ મારી બેનડી, અને છુટાં આપત જો ફુલ ॥
તો રણ જીતીને કાલે આવતે, જેમ નીર ચાલે ભરપુર ॥ સ્હીય

હે માલણ મારી મા જો તું આ વખતે સુકનમાં છુટાં ફુલ આપતે તો મારો સ્વામી જેમ ભરપુર પાણી ચઢી આવે તેમ જુદ્ધમાં જીતીને કાલે તુરત ઘેર આવતે (મતલબ કે હારમાં ફુલને બાંધી લીધેલાં હોયછે તેમ બધાઇ રેહેતે નહીં), પણ છુટીને ઘેર આવતે. એવું જ્યારે ઠપકાથી શરાની સ્ત્રીએ માલણને કહ્યું ત્યારે માલણે પછી થોડાં છુટાં ફુલ પણ આપ્યાં, તે શૂરાએ લીધાં. પછી શરો હાથમાં ફુલનો હાર લઈ મનમાં વિચાર કરેછે કે આ હાર મારા ગળામાં નાંખું, કે મારી બાયડીના ગળામાં, કે મારા ઘોડાના ગળામાં નાંખું! ત્યારે તે જોઇ માલણ ત્યાં છે તે પાછું શૂરાને કેવું કેહેછે.

હે ઢળકતી ઢાળે ધજા પરહરે, અને શીશ જશે અવળા ॥
પણ બરછી કેરા ઝબુકડા, શૂરા તમે સેહેશો દોઈ જણા ॥ રહી॥

હે શૂરા તમે ઘોડા પર બેસી ઢળકતી ઢાલ સાથે રાખી તેથી સામાના ઝુનડા ઉડાવશો તો રણમાં તમો જીતીને આવો, કે વખતે તમારૂં માથું જાય ને તમે ઉંધા એ પડો, ને લડાઇમાં બરછીના ઝપાટા તે તુમને વાગે કે તમારા ઘોડાને વાગે, પણ તમારી બાયડી કંઇ તમારી સાથે આ-વતી નથી કે તેને વાગે, માટે બાયડીના ગળામાં હાર નહીં નાંખતાં એ

હાર તમારા ગળામાંજ નાંખો. એવું જ્યારે માલણે કહ્યું ત્યારે તે હાર પછી શૂરાએ પોતાના ગળામાં નાંખ્યો. હવે તે હાર નાંખી, શૂરો પછી ઘોડો ત્યાંથી હંકારેછે, તો તે વખત ઘેલડાકણુ રાજાને તે જુહાર કેવી રીતે કરેછે!

હે શૂરાએ ઘોડો પલાણીયો, અને માલણે નાંખ્યો હારે ॥
પણ જીવીશું તો આવીશું, નહિંતર ઘેલડાને કેહેજો જુહારે ॥ રહી॥

હવે માલણનો હાર માલણ પાસેગળામાં નંખાવ્યોછે, ને શૂરો ઘોડા ઉપર સજ થયો તે વારે પોતાની સ્ત્રી તથા બીજાં વળાવવા આવ્યાં તેને કહ્યું કે જો લડાઇમાં જીવતા રહ્યા તો ઘેર આવીશું, નહિંતો ઘેલડાકણુ રાજાને આ મારા છેલ્લા જુહાર કેહેજો. એમ કહીને પછી તેણે ઘોડો આગળ ચલાવ્યો. હવે તેની બાયડી તથા પાંચ સાત બીજી સ્ત્રીઓ વગેરે થોડે સુધી વળાવવા ગયલા તે બધા ઘેર પાછા આવ્યા, તેવારે એટલે બેસીને શૂરાની બાયડી રડવા લાગી, ત્યારે તેને પેલી તેની સહિયરો મળીને કેવી રીતે ઠપકો દઇ છાની રાખેછે !

હે રણ ચડ્યો તેનેક્યો રડશો નહીં, પણ રડીએ જો રણ છંડી જાય ॥
તેને તો નારી અપછરા વરે, ને મુવા પછી મંગળ થાય ॥ રહો ॥

હે જે રણમાં લડવા ચાલ્યો તેને વાસ્તે સુકનમાં પેહેલાં તું રડતી નહીં, કદાચ લડાઇમાં લડતા તે હારો જાય તો પછી તું રડજે. વળી રણમાં પડ્યો ને કદાચ તેમાં મુવો તો મુવા પછી તેને અપછરા નારી મળે, ને મંગળ મંગળ થઈ જાય એટલે તેનો ઓધ્ધાર થાય, પણ તે અવગતે જનાર નથી, માટે ત્યાર પછી પણ રડવું નહીં. એવું સહિયરોએ તેને કહ્યું ને ઘણો ટપકો દીધો ત્યારે પેલી શૂરાની સ્ત્રી પછી ત્યાં રડતી રહી ગઈ. પછી તે ઘરમાં ગઈ ને માળે જુવેછે તો અમલનું પોતું રહી ગયલું, ત્યારે પાછી બારી આગળ બેસીને રડવા લાગી તો તે વખતે પોતાનો ભાણેજ બાર વરસનો ત્યાંથી (બારણાં આગળથી) જતો હતો તેણે બારી સામું જોયું તો મામી રડતી દીઠી, ત્યારે તેને કેહેવા લાગ્યો કે મામી તું કેમ રડેછે? ત્યારે તે બોલી કે ભાણેજ બા તારો મામો તો રણમાં ગયો પણ અમલનું પોતું તો તે ભુલી ગયો, ને તેના વગર તો તે આંધળો બીત, વાસ્તે તું તે પોતું તથા પાણીનો છાગળિયો લ-

ઇને તેની પાછળ જા ને તેને આપી આવ. ત્યારે તે બોલ્યો કે મામી હું પગે છઊં પાંગળો તો શી રીતે જાઊં! તો કેહે લે આ સો ગાઉની સાંઢણી ઉપર બેસીને જા. પછી તે સાંઢણી ઉપર બેઠો ને અમલનું પોતું ને પાણીનો છાગળિયો લઇને તેણે તે સાંઢણી હંકારી, એટલે હાંકતા હાંકતા થોડે છેટે પછી મામાને દૂરથી ભાળ્યો, તેવોજ ઘાંટો પાડી બોલ્યો કે મામા મામા ઘોડો રાખો, ત્યારે શૂરો તે સાદ સાંભળી બોલ્યો કે હું ઘોડો રાખું તો લોકો એમ કેહે કે એની સ્ત્રીમાં કે બીજા કશામાં જીવ ગયો તેથી ઘોડો રાખ્યો, માટે હું ઘોડો ધીમો ધીમો ચલાવું છઊં, તું મારી પાછળ ઉતાવળે સાંઢણી હંકાર, ને મને આવી મળ. પછી ભાણેજે ઉતાવળી સાંઢણી હંકારી ને મામા ભાણેજ બંનો મળ્યા. પછી ભાણેજે મામાને પેલાં બંનો વાનાં આપ્યાં, ને કેહેવા લાગ્યો કે મામા જો તમારો હુકમ હોય તો હું પાદશાહનું કટક જોવા આવું. ત્યારે મામો બોલ્યો કે ચાલ બા ભાણેજ, એક કરતાં બે ભલા. પછી તેઓ થોડેક ચાલ્યા એટલે અંગારાની ખાઈ ખોદાવીછે, આળાં ચામડાનો કોટ બનાવ્યોછે, વાઘની ચોકી બેલાવીછે, ને અંગારાંની આકાશ સાથે ઝાળો જાયછે તેથી ત્યાં અંધારૂં ઘોર થઇ રહયુંછે તે આઘેથી જોવામાં આવ્યું. ત્યારે તે જોઈ ભાણેજ બોલ્યો કે મામા આ બધું વરસાદ જેવું શું દેખાયછે, ને એ શાને વાસ્તે છે? ત્યારે મામો તેને શું જવાબ દેછે ને કેવો ખુલાસો કરેછે !

ઢળકતી ઢાળ ફર ફરતા નેજા, અને દળ દીસે પાદશાહ તણા ॥
પણ મરીશું તો આપણ એકલા, અને મારીશું તો ઘણા જણા ॥રહી॥

હે ભાણેજ એ તો ફરતી પાદશાહની ઢાલ તરવારો છે ને તેના વાવટા ઉડેછે, ને તેનું બધું લશ્કર પડ્યુંછે. પણ તું ફિકર ના કર મરીશું તો આપણ બે, ને મારીશું તો બધા પાદશાહના દળને. એવું મામાએ કહ્યું, ત્યારે ભાણેજ પાછો ત્યાં મામાને કેવી રીતે કેહેછે !

હે ઉત્તરે ચમકી વીજળી, અને પશ્ચિમે ચડિયો મેઘ ॥
પણ ચાલોને મામા ઉતાવળા, નોતા જનમ્યા માને પેટ ॥ રહી ॥

હે મામા ઉત્તરે વીજળી ચમકીને વીજ થાયછે, ને પશ્ચિમે વરસાદ ચડી આવ્યોછે, માટે તમો ચાલો ઉતાવળા, આપણે એ દળને ઠેકાણે કરી

ઇએ. કદાચ તેમાં આપણે મુવા તો જાણે માને પેટે અવતારજ નહો-
તા લીધો એમ જાણવું. એવું ભાણેજે કહ્યું ત્યારે મામા ભાણેજ બંનો
ઉતાવળા ચાલી નીસરિયા. ચાલતા ચાલતા જાયછે એવે અંગારાની
ખાઇ આવી, ત્યારે મામો ભાણેજને પુછેછે કે બા ભાણેજ હવે કેમ
કરીએ, ત્યારે ભાણેજ કેહે કે આપણે તો મરવા આંવ્યાછે ને મરીશું
તો આપણી સાંઢણી કોઈ બીજો વાપરશે, તેથી સાંઢણીના ચાર પગ
બાંધો ને તેને અંગારા પર નાંખો,ને તેના પર રહીને પછી ચાલી જા-
ઓ. પછી તેમ કરીને તેઓ તે ખાઇ ઓળંગીને ચાલ્યા. એટલે પછી
આગાં ચામડાનો કોઠ મડેલો આવ્યો તો તેના તરવારથી બે ભાગ કરી
નાંખ્યા, ને ત્યાંથી પણ રસ્તો કાહાડ્યો ને આગળ ગયા. એટલે પછી વા-
ઘની ચોકી આવી તો તે વાઘને પણ તરવાર વતે પુરા કીધા. પછી
પાદશાહના કટકમાં બંનો જઈને પડ્યા. હવે હુકમ વગર ત્યાં કંઇ લડાતું
નથી, તેથી ત્યાં શૂરો પુછેછે કે પાદશાહ કયો ને કયાં છે ? ત્યારે બીજા
લોકો ત્યાં છે તે કેહેછે કે પાદશાહ ને મુગલ બંનો પેલા મોહોલમાં
ગંજીફો રમેછે: ત્યારે શૂરો કેહે કે ભાણેજ તું આટલો ઘોડો સાચવજે, હું
પાદશાહને સલામ કરીને આવું. હવે જઈ કરીને શરાએ પાદશાહને
પાંચ સલામ કરી, તેથી પાદશાહને એકવીસ બ્રહ્મ ઝાળ જેટલી રોસ
ચહડી, કે કમબખત હેંદુરા સાત ખુનસ મેરેકુ કરની ચઇએ ઇસને ત
દો કમતી કાહેકુ કી? ત્યારે શરો બોલ્યો કે હે બંદે નવાજ એ ખુનસ મેં
તમકુ નહીં કીહે. ત્યારે પાદશાહ કેહે કે એ કીસકું કી, ઇસ બાતિકા મેરેકું
માલમ કેહે. તો કેહે એક તો મેરે પરવર દેગારકું કી, જીને મેરા જનમ
દીઆ. દુસરી મેરે માત પીતાકું કી, જીને મેરે કું નવ મહિના ઓધ્ધ-
રમે રખ્યાં. તીસરી તો મેં ઘેલડાકણુ રાજાકું કી, કે જીસકા મેં નીમખ
ખાતા હું. ચોથી સલામ મેં ધરતી માતાકું કી, કે જે સબકા ભાર ઝીલ-
તી હે. હવે એક સલામ બાકી રહી તે પાદશાહ જાણે કે જો મને કરિયાનું
કેહે તો હમણાં એને સેહેસતર ગુજરાત અને નવ લાખ ફોજ આપી
દઉં, એમ પાદશાહના મનમાં બહુ. પછી પુછ્યું કે હે હેંદુરા પાંચમી સ-
લામ તેં કીસકું કી. ત્યારે તે બોલ્યો કે પાંચમી સલામ મેરી માત ભવાની
(તરવાર) ને કી, કે જેની વતી મારે તારા ભલા ભુંડાને રણમાં કાપી

નાંખવા છે. એથી કરી હવે પાદશાહને તો ઘણી રીસ ચડી.ત્યારે મોંડા આગળ કોઇ ફકીર હશે તેને હુકમ કરિયો કે ઇલમનું ચક્કર એક એના પર ફેંક, ને એક ઘાથી એના સાત ટુકડા બનાવ એવું પાદશાહે કેહેતા-વારનેજ તે ફકીરે ચક્કર ફેંક્યું, એટલે શૂરો તો કમ્મર વાંકી કરી તે ઘડી લટાર ખાઇ ગયો, તેથી તેને કંઈ વાગ્યું નહીં. હવે પેલું ચક્કર તો ફકીરનું આસો પાલોના ઝાડમાં વાગ્યું, તેથી કરી તે ઝાડના બે કકડા થઇ ગયા, ત્યારે તેથી શૂરો ખડખડ હસ્યો. ત્યારે તેની સામું પાદશાહ જોઇ બોલ્યો કે હે બચ્ચા હેંદુરા તું કાહેકુ બાસ્તે હસ્તા હે? ત્યારે શૂરો કેહે અરે બંદે નવાજ આપકા બચન ખાલી ગયા ઇસકે બાસ્તે મેં હસ્તા હું. પણ ના ના પાદશાહ તેરા જો હુકમ હોય તો એક ઘાસે તીન ટુકડા તો ક્યિા પણ સાત ટુકડે મેં બના દઊં, જદ હું હેંદુરા સહી. ત્યારે પાદશાહ કેહે કે તું એક ઘાસે સાત ટુકડા કર બતાવ. એટલે શૂરાએ હાથમાં સમશેર લીધી ને કહ્યું કે ઇસતરે ઘા ન કીજીએ, ઇયું ઘા કીજીએ, એવું કહી મનમાં ધારિયું કે મારૂં પાદશાહના માથામાં ને એનાજ સાત ટુકડા બનાવું.પછી પાછો વિચાર કીધો કે ના ના સો.મરજો પણ સોનો પાળનાર મરતો નહીં,એ તો લાખો જીવનો પાળનારો છે, એને તો નહીં મારવો. આપણો ઘોડો છે એને કદાચ આપણે મુવા તો આપણા મુવા પછી બીજો કોઇ વાપરશે, માટે આપણા ઘોડાને મારો. પછી તેણે પોતાના ઘોડાને મેદાનમાં લઇ જઇને તેને ખીજવી કરીને કવાયદથી તે-ના ઉપર ચાબક મારીને ઘા કરિયો, તે ઘા ઘોડાની ડોક પરથી પગમાં થઇ પુછડાં સુધી ઉતરી પડ્યો એટલે તે એકજ ઘાયે તેનાં ધડ, મુસ્તક, પુછડું, ને ચાર જુદા જુદા ટાંટિયા એવા સાત કકડા થયા. પછી પાદશા-હને જઇ સલામ કરી. પાદશાહે વિચાર કીધો કે આ હેંદુરા તો જાલમ હે. પછી તેણે લડાઇનો સામાન તૈયાર કરાવ્યો. સવાસો મણની લોઢાની કોઠી કરાવી તેમાં પાદશાહ મંહી ભરાયો,ને બસો પાનસો આદમીની તેની આગળ ચોકી રાખી. પછી લડવાનો હુકમ કરિયો, ને લડાઇ ચલાવી. હવે લડતાં લડતાં ત્રણ દાહાડા થયા પણ શૂરાએ તો સમશેર પકડી તે મેલે નહીં.પેલો પાદશાહ છે તે લોઢાની કોઠીમાં અકળાયા કરેછે. તે ત્રણ દાહા-ડા થયા તેવારે માંહેથી લોકોને ખબર પુછેછે કે પેલા હેંદુરા થા તે ગી-

શા કે નહીં ગીરા? હવે પાંહાં શૂરાનું માથું તો પાદશાહના મોગલે એક હાથમાં બે ધારવાળા ભાલા રાખેલા તે સંતાડી ઓચિંતા કામઠાથી ચડાવ્યા કે તેજ ઝપાટાથી એકદમ તે ધડથી જુદું પડી ગયલું,લોકોએ દીઠું, ત્યારે તેમણે જુવાબ દીધો કે ઇસકા શીર ઉડ ગયા,પણ ઇસકા ધડ હે સો બાત જુસતી કરતા હે. હવે પાંહાં શૂરાનું બધું અંગ ભાલાથી વીંધાઈ ગયલું છે, ને લોહીની ધારા આખે શરીરે વહી રૂહીછે. હવે તેનો ભાણેજ તેના માથા પાસે ઉભો છે, તે હવે મામાને કેવું કહી સંભળાવેછે!

હે ભલી રાખી રજપૂતા વટ, ને સબધીરામાં ધીર ॥

પણ શરીર વેંધાણું બાળડ, તોએ નેણે ન ખંચે નીર ॥૨૯॥

ભાણેજ કેહે કે હે મામા તમે સઘળી ધીરજ રાખીને રજપૂતની ભલી રીત રાખી (રજપૂતનું પાણી જવા દીધું નહીં), વળી ભાલાએ કરી શરીર બધું તમારૂં કોચાઇ ગયુંછે તો પણ તમારી આંખમાંથી જરા આંસુ પડ્યું.નથી એ તમોને શાબાસ છે. ત્યારે એ સાંભળી પાદશાહ કેહે કે એ બોલતા હે સો કોણ, ઇસકી તપાસ કરો.પેલા લોકોએ તપાસ કરી તો સાથે બાર વરસનો. એક છોકરો છે ને તેની પાસે માથું છુટું પડેલુંછે. ત્યારે સીપાઈ તથા લોકોએ તે છોકરાને પુછ્યું કે તેરા એ કોણ લગે? તો કેહે મેરા એ મામું લગે. પછી જઇ કરીને પાદશાહને કહ્યું કે ઇંદર એક બારે બરસકા ગબરૂ હે સો એસા બોલતા હે કે એતો મેરા મામું લગે,તો પાદશાહ કેહે જાઓ ઇસકુ પુછો કે તેરા મામું હે વો તમ કિયું લડાઈમે નહીં ઉતરતે? તો કેહે મેરા મામું ગીરેગા જબ મેં સમશેર પકડુંગા.ત્યારે પેલો પાદશાહ માંહેથી કેહેછે કે અલ્લા તોબા! મેરા બેટા ધડ હે ઇસકા શીર ઉડ ગયા સો એસા ધુજતા હે. તો એઇ છોકરા બારે બરસકા ગબરૂ હે તે એસા બોલતા હે કે મેરા મામું ગીરેગા જબ મેં શમશેર પકડુંગા, તો એ શિરવાલે લડેગા જબ કિયા હોયગા! પાદશાહ કેહે અલ્લા તોબા! મેરા બેટા તરકડીકા જણ્યા પીછે કોઈ દીલ્હી દેખી જાયગા નહીં. પછી પેલા ભાણેજને પુછ્યું તેરા મામું કબ ગીરેગા, ને તમે કબ લડેગા? ત્યારે તે કેહે તુમને નવસે બંધીવાનકું કેદ કીએ હે એ સબકું તમ છોડ દેવે, ને તેરા કટક હે સો બારે કોસ દૂર જાવે, ને સવા પોહોર દીન ચડતાં ધેલડાકુણ રાજાકી દુવાઇ ફેરાવે, તદ મેરા મામું

ગીરેગા જબ મેં લડુંગા. પેલા રાજાએ એ સાંભળી નવસેં બંધીવાન છોડી મેલ્યા, પેલા થોડાક આદમી હતા તેને બાર ગાઉ આઘા મોકલી દીધા, ને સવા પોહોર દીન ચડતે ઘેલડાફણુ રાજાની દુવાઈ ફેરવી, ત્યારે પેલો મામો પાછો હઠ્યો, હઠી કરીને પેલો ભાણેજ જ્યાં ઉભો હતો ત્યાં પેલું ધડ આવીને મુસ્તકની પાસે પડયું. ત્યાં ભાણેજને હાથની ઇશારત કરીને કહ્યું(કેમકે મુસ્તક વગર બોલાય તો નહીં) કે તું ઘેર જા ને તારી મામીને કેહે કે તારા વરની લોથ લઈ જા, તે જેવું અંહીં દીઠું તેવું તેને ત્યાં કેહેજે હવે પેલો ભાણેજ તો ઘેર આવ્યો. ઘેર આવતાં મામી ઊંચે ગોખડામાં બેઠેલી છે, તેણે ભાણેજને આવતો જોયો, તો હવે ધાવ કહીને ભાણેજને તે કેવું પુછે છે!

હે વધાવા કેહે રૂડી વાતડી, મારે સસિએર લજ્જા જેણ ॥

પણ કેત્તે ઘેમલ શૂરાએ ગોડીઆ, અને કેત્તે લે પરવેણ ॥રહી॥

હે વધાવા (વધામણી લાવનાર) ભાણેજ તું ખુશ ખબર કેહે કે મારા સાસરામાં મારી આબરૂ રૈહે, શુરાએ કેટલા હાથીને પુરા કીધા, નેં કેટલા પારકા (બીજાના) વેણ લીધા. મારે વધાવો તેને પાછો કેવા જવાબ ત્યાં આપેછે?

હે નવસેં ઘેમલ શૂરાએ ગોડીઆ, અને સાંઢા શંખનો નહીં પારે॥

પણ મુસ્તક વિનાનું ધડ ઝુમે, મામી તુંજ તણા ભરંથારે ॥ રહી॥

વધાવો કેહે શૂરાએ નવસેં હાથી, અને બીજા માણસ તથા લશ્કરનો તો પાર નહીં એટલાને પુરા કીધા, પણ મામી તારા વરનું ધડ ને મુસ્તક એ બે જૂદા પડયાછે તેમાં ધડ એખલું તે ખૂબ રણમાં સામું કુસ્તમ કુસ્તી કરેછે. ત્યારે એ સાંભળી મામી બોલી કે એ ધડ જ્યારે ગયું ત્યારે હવે શું રહ્યું? હવે મને આવ્યો રંડાપો. માટે આ નવ લાખની લોબડી છે તે તું લે, ને તે હવે તારી વહુને હેરાડજે. તે લઇને તે પોતાને ઘેર ગયો ને પેલી લોબડી પોતાની વહુને આપી. ત્યારે તેની વહું તેવારે બોલી કે તેં એવું માન્યુંતું કે મારા મામાને રણમાં મેલી હું વહુને લોબડી આપી આવું? ત્યારે તે બોલ્યો કે મને તો એ મામીએ આપી તે હું લઇ આવ્યો, તો કેહે ઠીક છે. પછી તે બોલી

કે વાર તેં કંઇ રણમાં દીવા કીધો, ને કંઈ સમશેર પકડી કે એમને એમ પાછો આવ્યો? એવો ઠપકો દઇ તે પછી પોતાના ધણીને કેવું કેહેછે!

હે શૂરા ત્રાસ તમે ઘર કીધાં, અને લજવી મારા કંથ ॥
પણ તમે રાખ્યા હોત ઘરે ઝુપડાં, તો અમે રણ ચડંત ॥
હે વધાવા શેની સરજ્યો બેટડી, તો કાંતત ઝીણાં સુત ॥
અને તેની વણાવત પાઘડી, કોઇ બાંધત ઝાલો રજપૂત ॥રહી॥

હે ધણી તમે શૂરાની સાથે ગયા પણ મને લજવી નાંખી કે તમે કંઇ તમારી બાહાદુરી ત્યાં બતાવી નહીં, તે છતાં તમે ઘેર રહ્યાં હોત તો હમે રણમાં ચડતે ને જીતીને આવતે. માટે હે વધાવા તું છોકરી થઇને કેમ નહીં અવતરિયો કે બેઠી બેઠી તે ઝીણું સુતર કાંતતે, ને તેની પાઘડી વણાવતે તો વારુ કોઇ રજપૂત બચ્યો ઘાલતે. એવું કહીને પેલી લોબડી હતી તે પાછી આપી, ને કહ્યું કે જા તારી મામીને પાછી આપી આવ. પેલાએ તે લોબડી મામીને પાછી આપી. ત્યારે મામીએ કહ્યું કે આ બાણેજ હવે પેલી લોથ લેવાની શી ગત કરીએ. ત્યારે તે બોલ્યો કે ઢાલ તરવાર હતવાસે કર (હાથમાં લે), ને મરદનો ભેખ કર (મરદનો વેશ લે), ને ઘોડે અસવાર થા ને મારી સાથે ચાલ, આપણે લોથ લઇને આવીએ. પછી મામી ને બાણેજ બંનો સાથે ચાલ્યા ને ગયા ને શૂરાને ત્યાં જોયો, તો હવે જોઇને તે બાઇ તેને કેવું કેહેછે!

હે દીસે શૂરા સિંધુરીઆ, ને આ દીસે ગજ દંત ॥
પણ સેજમાં બોલ્યાતા બોલડા, તમે પાળો મારા કંથ ॥ રહી ॥

હે શૂરા તમે સિંધુરીઆ દેખાવોછો, એટલે લડાઇમાં તમને ભાલા વગેરે વાગેલા તેથી શરીરે બધે લોહી લોહાણ થઇ રહેલું છે, પણ તમે પથારીમાં બોલ્યા હતા કે મોટા હાથી મારીને તને ચુડો પેહેરાવીશ, તો પેલા મોટા હાથીના દાંત દેખાય છે તે લાવીને મને ચુડો પેહેરાવો, ને તમારૂં વચન સ્વામી તમે હવે મરતી વખત પાળો. એવું સ્ત્રીએ કહયું ત્યારે પેલા બેઘા હાથી મારેલા હતા ત્યાં પેલું ધડ હતું તે દોડ્યું, ને તે હાથીના દાંત લાવી ધણિઆણી પર ફેંક્યા, ને જાણે કેહેવા જતો હોયની કે એનો ચુડો તું પેહેરજે એમ દેખાયું. ત્યારે તે સ્ત્રી કેહેવા લાગી કે હવે તમારૂં વચન પળ્યું, હવે ચુડો હું પેની ભવ પેહેરીશ, પણ હવે તમે

જે તે વાતે પુરા થાઓ. એવું કેહેતાંજ પેલી લોથ હતી તે પડી, એટલે તે લોથ લઈને તેની પીછોડીમાં તે બાઈએ ગાંસડી બાંધી, ને પછી પેલા ભાણેજને કહ્યું કે ભાણેજ મને ગાંસડી ચડાવ. ત્યારે તે કેહે કે એમાંનું કંઇ વળે નહીં. કંઇ મોજે (ખરૂં લાહું નહીં) તે પર કંઈ પાણી ચડવાનું નથી. હું કાંઇ ગાંસડી ચડાવવાનો નથી. ત્યારે શૂરાની ધણિઆણી જરા વાંકી વળી મરડાઇને પેલી ગાંસડી લેવા ગઈ, એવામાં પાઘડી તેના માથાની પડી ગઈ તેથી વામ હાડકનો ચોટલો ખર રહીને બાહાર નીકળી પડ્યો તે આઘેથી બીજા લોકોએ જોયો, તેવીજ તેઓએ પાદશાહને ખબર કરી કે ગરીબ નવાજ પેલા હેંદુરા થા સો ગીરા ઇસકી લોથ લેકર એક રંડી જાતી હે. ત્યારે પાદશાહ બોલ્યો કે કરો આપણા લશ્કરકી તૈયારી કે એ રંડી લોથ લેકર જીતી જાવે નહીં. પછી બધા સીપાઈ વગેરે જે જીવતા રહેલા બચેલા તે બધા એ તરફ દોડી આવ્યા, ને તેને ઘેરી વળ્યા. ત્યારે પેલી શૂરાની ધણિઆણીએ ત્યાં પાછું ભાણેજને કહ્યું કે બા ભાણેજ હવે એ ઘડી તો તરવાર પકડ (એટલે લડીને આ લોકોને તો હાંકી કાહાડ કે પુરા કર). ત્યારે તે પાછું બોલ્યો કે મામી એમાંનું કંઇજ વળવાનું નહીં. પછી તે બોલી કે હવે એની શી ગતી કરીએ. ત્યારે ભાણેજ કેહે કે શૂરા પર શીકોતર માતાનો ૩ા દાહાડાનો હાથ છે, તેમાં ૩ દાહાડા ગયા ને ૦ાા દાહાડો હવે બાકી છે માટે તું એ ગાંસડીને છોડ અને છોડીને સિંધુરીઓ રાગ ગા; એટલે એ રાગથી તું સતીનો હાથ છેં તો ચોસઠ જોગણીઓ એ માતાના પરતાપથી દોડી આવશે, ને મારો મામો સજીવન થઇને બેઠા થશે. હવે એવું સાંભળી પેલી શૂરાની ધણિઆણી સિંધુરીઓ રાગ ત્યાં કેવી રીતે ગાયછે, ને શૂરો સજીવન કેવી રીતે થાય છે, ને વારતાનો અંત કેવી રીતે આવે છે!

હે સિંધુરીઓ ગાઇએ સવારમાં, અને રવી ઉગમતે સૂર ॥
પણ કેહે તો રંધાવું લાપસી, નહિંતો ભાલામાં ભરપૂર ॥૧॥
હે વાયે ફરકે શૂરા તારી મુછડી, ને રસને ઝપુકે દંત ॥
પણ કાચારણી શૂરો પોઢિયો, કંઈ શાવાસણરો કંથ ॥૨॥
હે બાજુ વો વેરી પરઘળે એખલો, અને એક કમળ વશેખ ॥

પણ લાખા મારૂં લાખને, મારા લાખ ટાંકણનો એક ॥૩॥
હે ચીર ફાડીને હું ધજા કરૂં, અને કાંકણ મેલું નિશાને ॥
પણ ઉતરરે ચુડા કારમાં, મારો પરણ્યો પોહોડ્યોછે મસાણે ॥૪॥
હે સેજડી સુની મારા સાહેબા, અને વેરી તો વશ પડિયા ॥
પણ રણમાં ઘૂજતો એખલો, જેમ ગોલાએ ચાવલ છડિયા ॥૫॥
હે કટારી તો તેં બાંધી હતી, અને બાંધી રાણ ચુવાણ ॥
પણ દગો થયો છે દેશમાં, હવે મને ભય લાગ્યો સલતાન ॥૬॥
હે પલાણી તો તારી હીરે જડી, અને હીરે બાંધી છે પાળે ॥
પણ વાળે વાળે મોતી પોરબ્યા, નહીં આવ્યા આણી વારજી ॥૭॥

પેલી શૂરાની સ્ત્રીએ શૂરાની લાસ ગાંસડીમાંથી પાછી છોડી ને પોતાની આગળ મૂકી, ને પછી તે સૂરજ ઉગતે સવારના પોહોરમાં વિલાપ કરી સિંધુરીઓ રાગ ગાવા લાગી કે હે શૂરા તું જીવતો થા; તું જીવતો થઈને ઘેર આવે તો ખુશમકનીમાં આજે લાપસી રંધાવું, નહિંતો પછી ભાલાથી માર ખાઈને મુવો છે ને એમને એમ પડ્યો રેહેશ તો મારૂં એવું નસીબ. (૧). હે શૂરા તું અંહીં રણમાં બધાને મારીને મરી ગયો છે પણ વાયે કરીને તારી મુછ તો ફર ફર થાયછે ને દાંતમાંથી રસ ઝરપે છે, પણ અરે રે મારા શોભાશણના સ્વામી તું આ કાગડા ઉડે તે રણમાં એમને એમ પડ્યો રેહે એમાં અહિં આ તારો બીજો કોઈ વાલી નથી. (૨). હે શૂરા તું રણમાં લાખોની સામા થયો અને તેં એખલાએ તે બધાને પુરા કીધા, પણ તે બધા નહીં મર્યા હોય તો હવે પુરા મરજો, મારો લાખનો ટાંકનારો (મારનારો) તું એક મરણ પામ્યોછે રે એ શૂરો. (૩). હું મારૂં ચીર ફાડીને તેનો વાવટો બનાવું, અને મારૂં કાકણ તે નિશાન સાથે બાંધું, માટે હે ચુડા તું હવે ખડ-ખડ કરતો ઉતરી પડ કેમકે મારો ધણી તો મસાણમાં પડ્યો છે (મરી ગયો છે) ને મને રંડાપો આવ્યો છે. (૪). હે મારા ધણી મારી સેજ હવે તારા વગર સુની પડી છે અને તું તો વેરીને વશ પડીને મરી ગયો, પણ જ્યારે જીવતો હતો ત્યારે ગોલા જેમ ચોખાને છડી નાંખે તેમ બધાને રણમાં તું છડી નાંખતો હતો, માટે તું ઉઠરે મારા સ્વામી

શૂરા. (૫). તેં તરવાર તો તારા હાથમાં પકડી હતી પણ દગાથી તારૂં મોત થયું છે, અને હવે તો રાજાના હાથમાં તરવાર રહી છે તેથી તે રાજાનો મને ભય લાગે છે, માટે તું જીવતો થઇને ઉભો થા ને તેને પુરો.પડ. (૬). હે તારી પલાણી હીરે જડી છે અને તે ઉપર હારબંધ પણ હીરા જડી લીધા છે, અને બાલે બાલે મોતી પોરવી દીધા છે એવું ઘેર સુખ છે, પણ તું લડવા ગયો તે ફરીને પાછો ઘેર આવ્યોજ નહીં માટે હે સ્વામી તું હવે તરત જીવતો થઇને ઉભો થા. (૭).

એવા સિંધુરીઆ રાગના સાત દોહરા શૂરાની સ્ત્રીએ વિલાપ કરી ગાયા, એટલે શૂરો સજીવન થયો.પછી હાથની ઇસારત તેણે સ્ત્રીને બતાવી કે આ તરવારની અણી છે તે ભાંગ, ને મારા ધડમાં ઘોચી ઘાલ ને મારૂં મુસ્તક પછી ધડ ઉપર ચોંટાડ, એટલે હમણાં હું ઉભો થાઉં છઉં. પેલીએ તરવારની અણી ભાંગી ને પોતાના ધણીના ધડમાં ઘોચી ઘાલી, ને પછી તે પર માથું ગોઠવવા ગઇ એટલે પેલા લોકથી ગભરાઇ તેથી આડું અવળું જોતાં પેલું માથું ધડ પર અવળું બેસી ગયું, એટલે શૂરો ઉભો થયો. પછી શૂરાએ અવળે માથે સ્ત્રીને કેડમાં બાંધી, ને પછી એક હાથે તરવાર પકડી ને પેલા બસો પાનસો માણસો જે લોથ પાછળ ઉભા હતા ને જેને પાદશાહે કહ્યું હતું કે એ સ્ત્રી લોથ લેકર ભાગ જાવે નહીં, તે સઘળાને તરવાર વતે પુરા કીધા, તેમાંનું એક માણસ જીવતું રાખ્યું નહીં. પછી તેઓ બાહાર નીકળ્યા, ને શત્રુઓને મારતા મારતા પછી શેહેરના દરવાજા આગળ આવી પોહોચ્યા. હવે ત્યાં શૂરાએ વિચાર કીધો કે મરત લોકમાં પાછા આવ્યા એ તો ખરૂં, પણ સહુ ફરે સવળે મસ્તકે ને હું ફરૂં અવળે મસ્તકે. એ તો સારૂં નહીં, તેથી હવે જીવીને શું કરવું! તેથી સ્ત્રીને કહ્યું કે તું દીહાડો પાણી કરજે ને સુખએ રેહેજે, એમ કહી શૂરો પોતાને હાથેજ ત્યાં મરણ પામ્યો. પેલી સ્ત્રીએ ત્યાં પોતાના બાપને તેડાવી તેની લાસને ત્યાં ઠેકાણે કરી, ને તેઓ ઘેર પાછાં આવ્યાં. પછી તેઓએ ખાધા પીધા, રંગ ક્રિયા, તે નર ગયા વહી, તેની વારતા તો ભલા આગળ કહી.

હે રામ કઠણ રંગ રેલીઓ, મારી બાળા તે પણની મેલી ॥
વાહાલે પગની ભરાવી છે આંટી, મને મુખને તંબોળે છાંટી ॥
મેં તો ઘણી એક ના ના કીધી, મને હુંચકાને ઉર પર લીધી ॥
કથા સાંભળી સેઝે કરે દાન, તેના પરીઆ તે ગંગા સ્નાન ॥

ફિપલી વારતા કહી પછી ભવાયા વેશ પુરો કરે છે. ઉપર જે દોહરા સિંધુરીઆના લખ્યા છે તે દોહરા જે ભવાયો શૂરાની સ્ત્રીનો વેશ લઇને આવ્યો હોય છે ને બોલેછે, ત્યારે કોઈ કઠણ મનનો હોય તેને પણ જાણે રડવું આવતું હોય એમ લાગે છે, કેમકે તે બહુ વિલાપ કરી બોલે છે. વળી ઉપર શૂરો જીવતો થયો ને કેડમાં સ્ત્રીને બાંધી એમ લખ્યું છે તે જે ભવાયો શૂરાનો વેશ લઇને આવ્યો હોય તે ઉભા થાય છે, ને કમ્મરમાં એક પુતળી બાંધેછે, ને અવળું ડોકું પેહેરે છે અથવા અવળી પાઘડી ઘાલે છે ને પછી જતો રેહે છે, ને એવી રીતે વારતા પુરી થાય છે.



નાથાશા વાણીઆની વારતા.

એક મોતીશા કરીને વાણીઓ હતો, તેને નાથાશા નામનો એક છોકરો હતો. તે નાથાશાને એક જયશીંગ નામે રાજાના છોકરા સાથે ઘણીજ દોસ્તી હતી. નાથાશાને જયશીંગ બંનો સાથે ખાય પીએ, ચેન કરે. ને મોજો માર્યા કરે; જ્યાં જાય ત્યાં સાથે ફરે હરે ને વાત ચીતો કરે. હવે એક દિવસને સમાજોગે પરમેશ્વરને વાત કરવી છે તો મોતીશાનો કુંવર જે નાથાશા છે તે પોતાના બાપ મોતીશાને કેહેછે કે બાપાજી જમવાને ઉઠો, રસોઈ તાહાડી પડી જાય છે. ત્યારે તે સાંભળી મોતીશા જરા તેને લાડમાં કેહેછે કે બચ્ચાજી અમારૂં રળેલું છે તે તાહાડું કે પછી ઉનું અમારા મનમાં આવશે તેવારે ગમે તે વખત અમો ખાઈશું, પણ તમો જાતે રળીને લાવ્યા હોય ને એમ કહેતા હો કે તાહાડું કે ઉનું છે ત્યારે અમે એમ જાણીએ કે અમારા દીકરા રળી લાવ્યા ને અમે આજે તાહાડી કે ઉની રસોઈ જમ્યા. એવું બાપ હસતા હસતા બોલ્યા તે પેલા નાથાશાએ સાંભળ્યું, પણ તે સાંભળી તરત તેને તો ઘણોજ ચટકો લાગ્યો કે કંઈ ફિકર નહીં, હું જાઉં બાહાર. દેશાવરે ને ભરૂં સાત વાહાણ ને રળીને આવું તોજ એના ઘરમાં ખાઉં, નહિંતો મારે એ ઘરમાં ખાવું નહીં. એવો વિચાર કરી રાત્રે સુઈ ગયો તે રાત્રીના ચાર પોહોર વહી ગયા, ને સહવાર થઈ. સહવાર થતે પોતાની પથારીમાંથી ઉઠીને બેઠો થયો. હવે મોહોડું જોઇએ તો તે દાહાડે નાથાશાનું ઉતરી ગયલું. ત્યારે તે વખતે તેની સ્ત્રી તેને પુછેછે કે હે સ્વામીનાથ આજે તમારૂં મોહોડું કેમ ઉતરી ગયું છે, ને આજ તમો દલગીર કેમ દેખાઓછો? ત્યારે તે બોલ્યો કે હું સાત વાહાણ ભરીને પરદેશ જાઉંછું. ત્યાં જઇને કમાઈ આવું તોજ હું આ ઘરમાં આવું ને રહું, નહિંતો મારે એ ઘરમાં રેહેવું નથી, એવું તેણે પોતાની સ્ત્રીને કહ્યું. ત્યારે તે સાંભળી પેલી તેની સ્ત્રી છે તે ધાન કહી હવે તેને આનંદમાં કેવી રીતે પુછેછે કે સ્વામી તમે પરદેશ કેમ જાઓ છો!

હે પીયુ પરદેશ પધારો છો, ને ઘેર સકળ સભા પવિત્ર ॥
પણ શા કારણ તમે પરહરો, તે વારતા કોહો મારા મિત્ર ॥

તે સ્ત્રી બોલી કે હે સ્વામીનાથ આપણા ઘરમાં પૈસો ટકો જે જોઇએ તે નવેનીધ છે, ભાઇબંધ દોસ્તદારો આવે છે જાય છે, ખાઇ પીને તમે ચેન કરો છો, કશી વાતની તમને નુન્ય નથી તે છતાં આ ઘર છોડીને તમે પરદેશ જવા માંગોછો એનું ખરૂં કારણ શું તે વાત મારા મોહોડા આગળ કરો. એવું નાથાશાને પેલી સ્ત્રીએ કહ્યું તે સાંભળ્યું, પણ બાપના કહેલા બોલ ઉપરથી તેનો જીવ ઘણોજ ઉચાટ છે તેથી તેનો તેણે કાંઇજ જુવાબ આપ્યો નહીં; અને લાગલો તેજ વખતે પોતાનો જે ખરો ભાઇબંધ રાજાનો કુંવર જયશીંગ તેને મળવા ગયો. તે વખતે ત્યાં પણ તેનો જીવ ઉચાટ હોવાથી જયશીંગે પુછ્યું કે કેમ ભાઇ આજ કંઇ ઉદાસ જણાઓછો ને તમારૂં મોં કંઇ ઉતરી ગએલું છે, એ શું છે તે પેહેલાંથી મને કોહો, પછી બીજી વાત કરો. ત્યારે તે બોલ્યો કે હું જવાનો કાલે પરદેશ તારે મળવું હોય ને વાત ચીત કરવી હોય તો આજ તો મારો મેળાપ ઘેર નહીં થવાનો, પણ કાલે મળસ્કે તુ ઘેર આવજે, નહિંતો તારે ને મારે માફો માફ એટલે છેક્ષા જે ગોપાળ જાણવા. એવું કહીને ત્યાંથી તે તરત પાછો ઉઠ્યો, પેલા જયશીંગે ઘણુંએ કહ્યું કે ભાઇ જરા બેસો તો ખરા, પણ ત્યાંથી લાગલો ઉઠીને તે ઘેર આવ્યો. ઘેર આવ્યા પછી બારા પર જઇ તેણે સાત વાહાણ ત્યાં તૈયાર કરાવ્યાં. પછી ઘેર આવી જરા સુતો, એટલે વાહાણનો વખત થયો. પછી ઉઠયો ને જવાની તૈયારી કરે છે એવામાં પેલો રાજાનો કુંવર જયશીંગ તેને મળવા આવ્યો, મળીને બંનો જણાએ વાત ચીત કરીને પછી તેઓ બંનો તથા નાથાશાની સ્ત્રી બધા સાથે બંદર ઉપર આવ્યા, પેલો જયશીંગ ને નાથાશાની સ્ત્રી તો નાથાશાને વદાય કરવા જાય છે. હવે રસ્તે બંનો મિત્રો વાતો કરતા ચાલતા નાથાશાએ પોતાની આંગળીએ સોનાનો વેઢ હતો તે કાહાડીને જયશીંગને આપવા માંડ્યો, ને કહ્યું કે આ વેઢથી ભાઇ તું એમ સમજજે કે મારો ભાઇબંધ હું ક્યાં જાઉં ત્યાં મારી સાથેજ છે. એવું કહ્યાથી જયશીંગે તે વેઢ લીધો, ને પોતાની આંગળીએ તે ઘાલ્યો. હવે પેલા

જયશીંગે પોતાની યાદગારી દાખલ નાથાશાને એક શાલ આપી કે આ શાલ તું હોડજે, ને એથી તું પણ એવું જાણજે કે મારો મિત્ર જયશીંગ પણ જ્યાં જાઉં ત્યાં મારી સાથેજ છે. પેલા નાથાશાએ તે શાલ લીધી; પણ પોતાનો જીવ ઘણોજ દલગીર છે તેથી નાથાશાએ તે શાલ પોતાની સ્ત્રી જે વળાવવા આવી છે તેને એકાંત જગોએ આપી દીધી ને કહ્યું કે એને તું આપણા ખાટલા ઉપર ઉંચે ચંદરવો કરીને બાંધજે. એવું કહી પોતાની સ્ત્રી તથા જયશીંગને છેલ્લો મળીને લાગલો તે વાહાણ પર ચડ્યો-પેલા બંનો જણા પોત પોતાને ઘેર ચાલી આવ્યા. હવે પેલો નાથાશા તો સાત વાહાણ ચલાવીને ભર દરિઆમાં આગળ ચાલ્યો, ને કોઈ દેશાવર પર ઉતરી પડ્યો, તે વાતને પાંચ છ મહિના થઈ ગયાં. હવે તાંહા ઘેર પોતાની સ્ત્રી એખલી છે તે એક દિવસ ઘણી કામાતુર થઈ, તેથી તેણે એક દાસી કે જેને નાથાશા કેહી ગયો છે કે તું મારી સ્ત્રીની બરદાસ રાખજે ને એની સાથે રેહેજે, તેને પાસે બોલાવી, તો તે દાસીને ભાવથી સમસ્યામાં તે પછી કેવું કેહે છે, ને વુરેતા આગળ કેવી ચાલે છે !

હે લાવ સખી ઓરસીઓ, અને ચંદન ઘસવા જેણ ॥
પણ પંજર મોહના પાળેલા, તે ઘસી હોલવીએ નેણ ॥

હે દાસી તું એક ઓરસીઓ લાવ કે તેની સાથ ચંદન ઘસીને મોહના પાળેલા પાંજરાને કપાળે ચોપડીએ કે તેથી આંખ પર ઠંડક ઠંડક થાય એવું તેણે કહ્યું. ત્યારે પેલી દાસી તો તેનો અરથ બરાબર સમજી નહીં તેથી તેણે એક મોટો પથરો ને એક સુખડનો કકડો મોંઢા આગળ લાવીને મેલ્યો. ત્યારે તે જોઈ પેલી સ્ત્રીએ તે દાસીને કહ્યું કે શું હું એની સાથે મારૂં માથું ફોડું? એમ કહીને પાછી તે પેલી દાસીને ઠપકો દઈ કેહેવા લાગ કેહે છે !

હે મેં જાણ્યું કે દાસી જાણ છે, અને તું તો થઈ અજાણ ॥
પણ મેં મંગાવ્યો અંગ રસીઓ, કુંડી દાખવ્યો તે પાહાણ ॥

હે દાસી મેં જાણ્યું કે તું ચતુર છે પણ તું તો હજુ અજાણ છે,

તને ખબર પડી નહીં; મેં તો અંગ રસીઓ (એક બત્રિસ લક્ષણો પુરૂશ) તેડી લાવવાને તને કહ્યું, ત્યારે ભુંડી ત તો મારા મોંડા આગળ પથરો બાંધીને મેલ્યો માટે એને હું શું કરૂં, એવું કહીને તે દાસીને એક ગુણવાળા ફક્કડ પુરૂશને શોધવા પાછો બીજો ઘાવ કહીને કેવી મોકલે છે!

હે દાસી જા તું બજાર ચઉટડે, અને લાવે કોઈ છેલ ॥
હે નવ તેર ને દસ આંગળાં, તેને હૈડે ન હોય મેલ ॥

હે દાસી તું બજાર ચઉટામાં જઈને તપાસ કર, અને કોઈ છેલ વરણાગીઓ બત્રિસ લક્ષણો પુરૂશ જેના હૈડામાં ક્શું કુડ કપટ ન હોય તેવા નરને મારા મોંડા આગળ તેડીને તુ વેહેલી આવ. એવું કહ્યું. ત્યારે પેલી દાસીએ તેને પુછ્યું કે એવા નર ક્યાં મળશે? ત્યારે તે સ્ત્રીએ જવાબ દીધો કે કોઈ તંબોળીની દુકાને પાનનાં બીડાં ચાવતો હોય, માલણને ત્યાંથી કોઈ ફુલ ગજરા લેતો હોય ત્યાં તપાસ કરજે એટલે તને તે મળશે. એવું સાંભળી પેલી દાસી તો ગઈ ને બજારમાં આવી તો પેલો રાજાનો કુંવર જયશીંગજ કોઈ માળીને ત્યાંથી ફુલ ગજરા લેતો હતો, ને એક તંબોળીની દુકાને પાનનાં બીડાં ચાવતો હતો તેને જોયો, ને જોઈને તેને કહ્યું કે હે શેઠ જરા મારી સાથે ચાલો, મારી શેઠાણી તમને હમણાં ને હમણાં બોલાવે છે. ત્યારે તે બોલ્યો કે જા હું નથી આવતો, એવી તારી શેઠાણી મેં બહુ જોઈ છે. ત્યારે તે સાંભળી દાસી તો ઘેર પાછી આવી ને તે વાત શેઠાણીને કહી. ત્યારે શેઠાણી બોલી કે તુ ફરીથી જા ને તેને એમ કેહે કે જો તમે નહીં આવશો તો તમને સ્ત્રી હત્યા લાગશે. પછી દાસીએ પાછું બજારમાં જઈને તે પ્રમાણે કહ્યું ત્યારે પછી જયશીંગ દાસીની સાથે ઘેર આવ્યો. હવે કોઈ ઘેર આવે તેને વાસ્તે સઉ કોઈનો ધર્મ છે કે તેના મોંડા આગળ પાણીનો કળસીઓ ને પાન સોપારી મૂકવાં, ને તેને માન આપવું. તેજ પ્રમાણે તે દાસીએ કીધું ને તેને માન આવકાર દઈ બાજટ ઉપર બેસાડ્યો. હવે તાંહાં પેલો જયશીંગ બેઠો બેઠો વિચાર કરેછે કે આ દાસીની શેઠાણી કામાતુર થઈ તેથી મને તેડાવ્યો છે એવામાં તેની નજર પેલા ખાટલાની ઉપર ઊંચે થાળ બાંધેલી છે તે પર ગઈ, તે જોઈને વિચાર્યું

કે આ થાળ તો માંહારી છે માટે નક્કી એ ઘર પણ મારા ભાઇબંધનુંજ છે, અને ભાઇબંધ તો ભાઈ કરતાં પણ વધારે છે માટે અરેરે! મારે મારા ભાઇબંધનું ઘર મારવું નથી, એમ મનમાં નક્કી કરી તે તો તરત ત્યાંથી ઉભો થયો, ને ચાલવા માંડ્યું. ત્યારે પેલાં દાસી તથા શેઠાણી સઉ આવી ત્યાં ખેંચતાણ કરે છે કે શેઠ બેસો બેસો. એમ ખેંચતાણ કરતામાં જયશીંગના હાથની આંગળીએ પેલો સોનાનો વેઢ હતો તે નીકળી પડ્યો ને ત્યાં ખાટલાની તળે કેથે ભરાઈ ગયો. તેની તેમે કંઈ ખબર રહી નહીં, ને તે તો પછી જોર કરી ત્યાંથી ચાલ્યો ગયો ને પોતાને ઘેર આવ્યો. હવે તે ગયા પછી પરમેશ્વરને વાત કરવી છે. તો બીજે દિવસે પેલીનો વર (નાથાશા) સાત વાહાણ લઇને બારા ઉપર આવી પોહોંચ્યો. હવે તે સાંભળી લોકોમાં ખુશી પેદા થઈ, શેહેરમાં બધે વધામણી થઇ, તોપો પડી. પછી થોડી વારે નાથાશા ઘેર આવ્યો ને સઉને મળ્યો, પછી પોતાની સ્ત્રીને મળ્યો, બેઠા વાતચીત કરી એટ઼લે રાત વીતી ગઈ ને બીજે દિવસે સહવારે વાહાણું વાહ્યું, પછી દાતણ પાણી કીધું ને ઘરમાં ગયો, એવામાં ખાટલા તરફ નીઘા કરતાં તેની તળેથી પેલો વેઢ નજરે પડ્યો, તે હાથમાં લઈ જુવે છે કે આ વેઢ મેં મારા મિત્ર જયશીંગને આપેલો તે અહિંઆ ક્યાંથી આવ્યો. માટે નીશ્ચે એ મારૂં ઘર મારી ગયો એમાં કંઈ શક નહિં, એવો તેના મનમાં પૂરો ખતરો આવ્યો. હવે ત્યાર પછી પેલો નાથાશા છે તે પોતાની સ્ત્રી સાથે બોલતો નથી, ને અબોલો રહ્યો. તેમજ દેશાવરથી ઘેર આવ્યો તે દાહાડાનો પોતાના ભાઇબંધ જયશીંગને મળવા પણ જતો નથી. પછી રહી રહીને વીમાસી વીમાસી તેણે પોતાને સાસરે સસરાને કાગળ લખ્યો કે તમે તમારી છોકરીને તમારે ત્યાં તેડાવી લેઓ મારે એનું કામ નથી. સાળા સસરાને તો તે કાગળ વાંચીને નવાઈ જેવુ લાગ્યું કે આ શું થયું! પછી સસરાએ તો તરત પોતાની છોકરીને તેડાવી લીધી. એ વાતને પાંચ સાત દાહાડા વહી ગયા એવામાં તેનો મિત્ર જયશીંગ નાથાશાને એક દિવસ મળવા આવ્યો, ને બોલ્યો કે અરે ભાઇબંધ તું આવ્યો છે તે દાહાડાનો મને મળવા સરખોએ ન આવ્યો, પણ ઉલટો

આજે હું તને મળવા આવ્યો, ને ઘરમાં તારી સ્ત્રી ક્યાં છે? તેને તે પીએર કાહાડી મેલી એવું મેં સાંભળ્યું ને હાલ તું ગુસ્સામાં ને ગુસ્સામાં દેખાય છે તેનું ખરૂં કારણ શું, તે મને હમણાં ને હમણાં કેહે નહિંતો તને મારા કસમ છે. એવું રાજાના કુંવરે જ્યારે કહ્યું ત્યારે નાથાશા પછી તેને ધાત કહી કેવું કેહે છે!

હે પગ દીઠો પર મનુષ્ય તણો, ને હઈડે ઉપજી છે ઝેણ ॥
પણ કેશરી સરોવર પી ગયો, તે કોણ પંખી ને કોણ ધેન ॥

હે ભાઈ મારા ઘરમાં કોઈ પારકો માણસ પગ ઘાલી ગયો તેથી મને ઘણી રીસ ચડી છે, ને તે વારનો હું ઘણો ગુસ્સે છઊં કે કેશરી સરોવરમાં પાણી પી ગયો એવો કોણ માણસ છે? આ વેઢ મારા ખાટલા નીચેથી મને જડ્યો તેથી મેં પુરી ખાત્રી કરી કે નીસ્ચે કોઈ મારૂં ઘર મારી ગયો છે. નહિંતો આ વેઃ અહિંઆ આવે ક્યાંથી! તેથીજ હું તુને મળવા આવ્યો નથી ને મારી બાયડીને તેટલા વાસ્તેજ મેં પીએર કાહાડી મેલી છે. એ કેમ થયું તેની મને કંઈજ સમજણ પડતી નથી એવું કહ્યું, ત્યારે હવે પેલો રાજાનો કુંવર ત્યાં છે તે પેલા નાથાશાને સામો ધાવ કહી કેવું કેહે છે!

હે કેશરી સરોવર હું તો ગયો, અને કમળ દીઠું તે માંહે ॥
પણ પાજે બેસીને પરખીયું, મેં તો ચાંચ ન બોળી તાંહે ॥

હે ભાઈબંધ તને વેહેમ આવ્યો એ વાત ખરી પણ કેશરી સરોવર તો હું ગયલો (હું તારા ઘરમાં આવ્યો હતો) અને તે વખતે તારી સ્ત્રીને મેં ઘણી કામાતુર દીઠી તેથી હું તો તરતજ પાછો મારે ઘેર જતો રહ્યો, પણ મેં તારી સ્ત્રી સાથ કશી બીજી વાતચીત કરી નથી. મેં જાણ્યું કે એ તો મારા ભાઈબંધનું ઘર છે માટે એ ઘર મારે નહીં મારવું, એવું ધારી તારૂં ઘર મેં માર્યું નથી, એ વાતે પરમેશ્વર દરમ્યાન છે. જ્યારે હુંજ મારા ભાઈબંધનું ઘર મારૂં ત્યારે પછી બીજાું રહ્યું શું! એવું એવું ઘણુંએ કહ્યું પણ પેલા નાથાશા માનતો નથી. ને કેહેછે કે ત્યારે આ વેઢ અંહિંઆં આવી ક્યાંથી પડ્યો? પેલા રાજાના કુંવરે તો તે વિશે વીનવીને તેને બહુ સમજાવ્યો, પણ તેને પુરો ભરોસો આવતો નથી. ત્યારે

પેલો રાજાનો કુંવર જયશીંગ તેને કેહેછે કે ચાલો આપણે બાજીને તે- ડવા જઈએ, ત્યાંથી ખરૂં ખોટું સઉ માલમ પડી આવશે. પછી તેઓ બંનો સા[illegible]ડવા ચાલ્યા, પણ પેલા નાથાશાંના મનમાંથી પેલી આંટી જતી નથી. તેઓ બુંને પેલી બાઇને પીએર આવી પોહોંચ્યા. નાથાશાના સાળા સસરાએ આવકાર દઈ બંનોને બેસાડ્યા, બત્રિસી રસોઈ કરી, તેત્રિસ વાનીના શાક કરી બંનોને જમાડી તાહાડા પાડ્યા. પછી પેલો રાજાનો કુંવર પેલા નાથાશાના સસરાને કેહેછે કે તમારી છોકરીની હમો તપાસ કરવાને આવ્યા છીએ. ત્યારે તે બોલ્યો કે ભલે હું રાજી છઊં, મેલો આપણે સતની બાજી તેમાંથી ખરૂં ખોટું ઝટ માલમ પડી આવશે. પછી તેઓ બધાએ ત્યાં સતની બાજી મેલી છે, પાંચ સાત જણની ટોળી મળી છે. હવે ત્યાં પેલો નાથાશા કેહેછે કે જો પોબાર પ- ડશે તો સ્ત્રી સાચી જાણીશ ને તૂટી ચાર પડશે તો એ સ્ત્રી ખરાબ છે એમ માનીશ, એવું કહી બાજી રમવા માંડી; પેલા પાસા છે તે પેહેલ- વેહેલા નાથાશાએ હાથમાં પકડ્યા છે, તો હવે બાજી કેવી ચાલે છે, ના- થાશાના પોબાર કેવા પડે છે, ને તેની સ્ત્રી છે તે કેવી જીતે છે!

હે બાજટ ઢાળી હું બેસીઓ, અને જમણ મોદીક સારે ॥
પણ પીરસ્યું પણ ભાવ્યું નહીં, તું તો પડ પાસા પોબારે ॥

મોતીશાના કુંવર નાથાશાએ હાથમાં પાસા પકડ્યા ને બોલ્યો કે હું તો બાજટ ઉપર બાજી રમવા બેઠો છઊં, આજ સાસરે જમવામાં તો ખાસા લાડું હતા પણ મને તે પીરસ્યા પણ આજે ભાવ્યા નથી માટે હે પાસા જો મારી વાત જૂઠી ને મારી સ્ત્રીની વાત સાચી હોય તો તું પોબાર પડજે. એવું કહી તેણે પાસા નાંખ્યા તો તરત દેતાં કે તેના પો- બાર પડ્યા. તોપણ હજુ તેથી પેલા નાથાશાની પુરી ખાત્રી થઈ નહીં ને વીમાસવા બેઠો. ત્યારે તે જોઈ તેની સ્ત્રી બોલી કે લાવો હવે હું પાસા નાંખું, જે ખરૂં હશે તે તરશે. એવું કહી તે સ્ત્રીએ પાસા પક- ડ્યા, તો હવે તે સ્ત્રી દાવ કહી તે પાસા કેવા નાંખે છે, ને તેના પો- બાર કેવા આવે છે!

હે પીયુ પાસા ને પીયુ સોગઠી, ને પીયુ બેસાવત નારે ॥

પણ હું અબળા પરવસ પડી, તું તો પડ પાસા પોબારે ॥

હે પાસા ને સોગઠાં તમે આ ઠેકાણે મારા સ્વામીની બરાબર છો, ને તમે સાચી વાતને જીતાવનાર છો, હું તો સ્ત્રી તે અબળ[illegible]ત પારકાને હાથ પડી છઉં, માટે આ વખતે મારો વર મારી પાસે પાસા નંખાવે છે તો જો હું સાચી હોઉં તો હે ભગવંત મારી લજ્યા રાખજો, ને મારા પોબાર પડજો. એવું કહી તે બાઇએ પાસા નાંખ્યા તો તરત તેના પણ પોબાર પડ્યા. ત્યારે પેલાની જરા વધારે ખાત્રી તો થઈ, તો પણ તે ખખડીને બોલતો નથી. ત્યારે ત્યાં તેનો સાળો (પેલી બાઇનો ભાઈ) છે તે કેહેવા લાગ્યો કે હજુ પણ તમારા મનમાં દગદગો હોય તો લાવો હું પાસા નાખું, એમ કહી તેણે પાસા પકડ્યા તો હવે તે સાળો ધાવ કહી પાસા કેવા નાંખે છે, ને તેના પણ પોબાર કેવા આવે છે।

હે મીની પો ન જાળવે, અને અગ્નિ ન ગરથે સારે ॥
પણ સાચી હોય મારી બેનડી, તો પડ પાસા પોબારે ॥

હે પરમેશ્વર બીલાડીને દુધ (ખીર) પચતી નથી, ને વહ્નીથી ઘી જાળવી શકાતું નથી (ઘીને બાળી નાંખે છે) મતલબ કે પાપ કંઈ છાનું રેહેતું નથી,' તેમ જો મારી બેહેન સાચી હોય તો મારા પણ પોબાર પડજો, એવું કહી તેણે પાસા નાંખ્યા તો તેના પણ પોબાર આવ્યા. એટલે પેલા નાથાશાને હવે તો પોણો ભરોસો આવ્યો ખરો. હવે ત્યાં પેલી બાઇનો બાપ છે. તે કેહે કે લાવો હજુ તમારે નંખાવવા હોય તો હું પાસા નાખું, પછી તો કંઇજ નહીં. જ્યાં ત્યાંથી તમારો અંદેશો પુરો ભાંગો. એવું કહી નાથાશાના સસરાએ હાથમાં પાસા પકડ્યા છે, તો હવે તે ધાવ કહી તે પાસા કેવા નાંખે છે, ને તેના પોબાર પણ કેવા પડે છે !


હે નરમદા પાણી નિરમળાં, અને ગંગાના પાણી સારે ॥
પણ જો સાચી હોય મુજ બેટડી, તો પડ પાસા પોબારે ॥

હે નરમદા માતા તારાં પાણી પવિત્ર છે, અને ગંગા તારાં પાણી પણ સારાં છે કે તેમાં સ્નાન કરેથી દેહનું કલ્યાણ થાય છે, (મતલબ કે સાચી વાત તરે છે, ને જૂઠી વાત ડુબી જાય છે), તેજ પ્રમાણે જો મારી

છોકરી સાચી હોય તો હવે છેલ્લા મારા પણ પો બાર પડજો ને હે પરમેશ્વર મારો રંગ રાખજો, એવું કહીને તેણે ઝટ પાસા નાંખ્યા તો તેના પણ પો બાર આવીને પડ્યા. ત્યારે હવે પેલા **નાથાશાની** તો પુરી ખાત્રી થઈ કે ના, મારી સ્ત્રી સાચી છે ને એના ઉપર મેં જૂઠું આળ મૂક્યું છે. એવું જ્યારે **નાથાશાએ** મોહોડે કહ્યું ત્યારે બધા ઉઠવાની તૈયારી કરે છે, એવામાં ત્યાં એક ઘરડો ડોસો બેઠેલો છે તેણે હસતા હસતા પેલા પાસા હાથમાં પકડ્યા ને મજાકમાં બોલી ઉઠ્યો કે મારા પો બાર કેવા પડે છે તે તો જુઓ. હવે તે ડોસો કેવું કહીને પાસા નાંખે છે!

હે સો આંબા સો આમલી, અને જે રખે સો ખાય ॥
પણ કોને ઓલંભો દીજીએ, એ કહ્યું કશું નવ જાય ॥

હે ભાઈ **નાથાશા** સેંકડો આંબા ને સેંકડો આમલી હોય છે તેને જે સાચવે તે ખાય ને તેનો તે વખતે તે ધણી, એમા કોઈને દોષ દેવાતો નથી. તેમ જૂઠી વાત આપણી કંઇ ચાલતી નથી. કોઇ ખેડુત ખેતર મૂકીને જાય તો તેમાંથી જાનવર દાણા ખાય પણ ખરું, આપણે કોનો હાથ પકડવા જઇએ? એ તો ઠીક છે કે સત હતું તે તર્યું, ને સાચી વાત જે હતી તે માલમ પડી, પણ એ બાબતની હવે વધારે ચરચા ચલાવવી નહીં માટે તું જા. એવું તે ડોસાએ કહ્યું એટલે પેલો **નાથાશા** તો પોતાના ભાઇબંધ **જયશીંગ** તથા પોતાની સ્ત્રીને તેડીને ત્યાંથી ઘેર આવતો રહ્યો. પછી ત્યાંથી **જયશીંગ** તે પોતાને ઘેર ગયો. પછી તેઓ બંનો ધણી ધણીઆણી ત્યાં સાથે હળી મળીને રહ્યા, તેઓએ ખાધા પીધા, તે નર ગયા વહી, તેની વારતા તો ભલા આગળ કહી.



લાલ ગોવાળની વારતા. (૩).

હે કાયર ખંડર, ધન કળપીઆ; ને લીમ ફળ કડવા હુવા ॥
હે વંઝા સ્ત્રી ને રણમાં કુવા; એઓ પાંચો ઝુરી મુવા ॥ ૧॥
સિંહ સંગમ ને સાપ રસ મેણા; અને કેળ ફળે એક વાર ॥
હે બાળ, ત્રિયા, ને અમીર હઠ, એ નહીં ફરે બીજી વાર ॥ ૨॥
હે પાન પદારથ ને સુઘડ નરાં; તે અણ તોળ્યાં વેચાય ॥
જેમ જેમ આઘેરાં તે વસે; તેમ તેના મૂલ પોશાય ॥ ૩॥
આશા, પાસા, ને વમળ જળાં; અને ઠગ ઠાકોર ગમાર ॥
એ નવે જર નહીં આપણા; સરપ, સ્ત્રી, અને સોનાર ॥ ૪॥

ઉજ્જાડી ખુલ્લી કાંતર જેવી જગો, કળપેલું (પાપીનું) ધંન, જેનું ફળ કડવું હોય એવો લીમડો, વાંઝણી સ્ત્રી, ખુલ્લા રેતી વાળા મેદાનમાં આવેલા કુવા, તેઓને વાસ્તે કેહેવત છે કે એઓ પાંચો ઝુરી મુવા છે—એટલે ખંડિએર વાળાં જગાને એકાએક કોઈ બાંધતું નથી ને તે ઉપર નઠારી ખીજો નાંખે છે; કોઇને બક્ષિસ આપવા કાહાડેલું ધંન બક્ષિસ ન આપતાં તે પાછું પચાવી પડે તો તે અથવા પાપીનું ધંન બરાબર વપરાતું નથી, ને ક્યાંનું ક્યાં જતું રેહે છે; જે લીમડાનું ફળ કડવું હોય તે કોઈ ખાતું નથી; વાંઝણી સ્ત્રીને છોકરાં થતાં નથી; ને રણમાં આવેલા કુવા ઠંડા રેહેતા નથી ને તેનું પાણી હંમેશા બરાબર વપરાતું નથી, તેથી એ પાંચો જણા ઝુરી મરે છે. (૧). સિંહનો મેળાપ ભાગ્યે એકજ વાર થાય એટલે તે કોઈ વખતજ પકડાય, સાપનું મણી ભાગ્યે એકજ વાર હાથ આવે, ને કેળ વરસમાં એકજ વાર ફળે છે (મતલબ કે એ ત્રણે વાનાં વારમવાર મળવા સેહેલ નથી); તેમજ બચ્ચું, સ્ત્રી જાત, અને અમીરે જે હઠ લીધી તે ફરતી નથી (તે હઠ તેઓ મૂકતાં નથી), એટલે તેઓએ જે ધાર્યું હોય તેજ થાય ત્યારે તેઓ ખુશી. (૨). પાન જેવી વસ્તુ, ને સારી રૂપવંતી બાયડી એ વગર તોલ કરવે વેચાય છે, મતલબ કે તેની કિમ્મત થઈ શકતી નથી, પણ જેમ જેમ તે આપણાથી આઘા હોય છે તેમ તેની વધારે કિમ્મત આવે છે (એટલે આઘે રહ્યા મનમાં

એમ ઉમેદ રેહે કે કોણ જાણે તે કેવી હશે, જોઉં ત્યારે ખરો)! (૩) કોઈની આશા રાખવી તે, તથા રમવાના પાસા, ને પાણીમાં વમળ આવે છે તે; તેમજ ઠગારા, ઠાકોર (રજપૂતની એક જાત), ને ગામડીઆ લોકો એ ૩ જણા; ને સાપ, બાયડી, ને સોની એ ત્રણ બીજા, બધા મળીને નવ જણા એ આપણા સમજવા નહીં—એટલે આશા ગમે તેટલી રાખો પણ કામ થાય ત્યારે; પાસા ગમે તેમ નાંખો પણ દાવ પડવાના હોય તોજ પડે; ભરપૂર પાણીના વમળમાં પડેલા માણસનો જીવ ભાગ્યેજ કોઈ વાર બચે; ઠગ લોકો ભાગ્યેજ છેતર્યા વગર રેહે; ઠાકોર લોકની નજરમાં જરા કંઈ વાંકું વસમું આવ્યું તો જીવ ખોવાના સામાન થાય; ગામડીઆ લોકો વખતેજ સારી બુદ્ધિ વાપરે, ઘણી વાર કમ બુદ્ધિથી કામ ઉંધું માર્યા વગર રેહેજ નહીં; તેમ સાપ ડીલે અડક્યો તો ભાગ્યેજ કરડ્યા વગર રેહે; સ્ત્રી જાત તેની બુદ્ધ પગની પાનીએ તેથી તે પણ કોઈ વખત જીવ લેવડાવવાના ઉપાય કરે; ને સોની ગમે એટલી સાફ દાનત રાખવા જાય પણ તેની મનમાં એમ થાય કે આ સોના કે રૂપામાંથી જરાક પણ ક્યારે હાથ આવે. માટે એ નવે જણા આપણા સમજવા નહીં, એટલે ઘણો ખરો તેમનો ભરોસો રાખવો નહીં.

સોનીને વાસ્તે આગળ ઘરડા કહી ગયા છે કે એક સોની પોતાની બ્હેનનું સોનું ગાળવા બેઠો, ત્યારે તેમાંથી કંઈક ઉડાવવાનો ઉપાય કરવા માંડ્યો, પણ પોતાની બેહેનનું સોનું તેથી એકાએક તેના મનમાં વિચાર આવ્યો કે અરે રામ! અરે રામ એટલે બેહેનના સોનામાંથી પણ થોડું ચોરવું એ મારો ધર્મ નહીં. ત્યારે ત્યાં તે વખતે તેનો બાપ (પેલા સોનીનો ને પેલી બાઈનો) બેઠો હતો તે સમજી ગયો, ને બોલ્યો કે ભાઈ રામને મન બધાએ સરખા—એટલે આપણો તો એ ધંધો પડ્યો માટે જેમ કરતા હોય તેમ કીજીએ. તે ઉપરથી પેલા સોનીએ પોતાની બેહેનના સોનામાંથી પણ થોડું ઉડાવ્યું, માટે એ નવે જણ આપણા સમજવા નહીં.

એક રાજાની છોકરી હતી તે બાર તેર વરસની થઈ ત્યારે પોતાને સાસરે ગઈ. ત્યાં રહી પણ તેણે માઘનું એક મહિનાનું વ્રત

લીધેલું છે તે વ્રત મૂક્યા વગર તે પોતાના વર સાથે બોલતી ચાલતી નથી. હવે તે રોજ સહવાર પડી કે નાહી ધોઇને સોળે શણગાર સજે છે, હાથમાં પુંજાનો દાબડો લે છે, અને પછી જમનાજીમાં નાહી કરીને રોજ માધવજીની પુંજા કરે છે. હવે એમ કરતાં કરતાં મહિનો એક થવા આવ્યો. હવે એક દાહાડાના સમાજોગે નવ લાખનો હાર તેણે પેહેરેલો છે, હમેશની માફક સોળે શણગાર સજેલા છે, ને નાહાવાને જમનાજીમાં તે ઉતરી. હવે ત્યાં પેલો બધો શણગાર તથા નવ લાખનો હાર ઉતારીને જમનાજીને કાંઠે પોતાની નજરથી દેખાય તેમ મૂકેલો છે. એવામાં ત્યાં એક સમડી જે આવી તે પેલો હાર લઇને ઝટ ઉડી ગઈ, તે પેલી સ્ત્રીના દીઠામાં આવ્યો નહીં, પણ ત્યાં એક લાલ ગોવાળ ઢોર ચારતો હતો તેણે તે હાર લઈ જતાં દીઠો. હવે પાંહાં પેલી સ્ત્રી નાહી કરીને બારણે નીકળી ને જોયું તો તે ઠેકાણે પેલો હાર તો મળે નહીં તેથી તેણે ઘણીજ ફાળ ખાધી કે અરે રે! મારો હાર કોણ લઈ ગયું, એમ કરગરવા લાગી. ત્યારે ત્યાં પેલો લાલ ગોવાળ ઢોર ચારે છે તે કેહેવા લાગ્યો કે અરે બાઈ તું શાને વાસ્તે ફાળ ખાય છે, તારો હાર તો અંહિઆથી એક સમડી લઈ ગઈ, ને પેલા આસો પાલોના ઝાડ ઉપર તેણે મેલેલો છે. એ ઝાડની નીચે તો એક મોટું તળાવ છે ને તેમાં જીવતું પાણી છે, ને તે પાણીમાં સાપ તથા વીંછુંનો બહુ વાસ છે. તે છતાં તું કેહેતી હોય તો ઉભો રેહે, હું મારા જીવને આઘો કરી તે ઝાડ ઉપર ચહડી તને તારો હાર આણી આપું. એટલું કહીને તે ગોવાળીઓ તો દોડતો દોડતો તેનો હાર લેવાને પેલા ઝાડ ઉપર ચહડવા જાય છે, ત્યારે ત્યાં પેલી સ્ત્રીએ વિચાર કીધો કે મારો હાર લેવાને એ જાય છે તો ખરો, પણ ઝાડ પર ચહડતાં તળાવમાં કદાચ પડ્યો તો એ પોતાનો જીવ ખોવાનો છે. ત્યારે હવે ત્યાં પેલી સ્ત્રી ઉભી છે, તે વિચાર કરી પેલા ગોવાળીઆને બાવ કહી કેવી રીતે સમજાવે છે, ને વારતા આગળ કેવી ચાલે છે!

હે ગોવાળીઆ તળાવ વમળ જળાં, અને વમળે કાળ ભમેશ ॥
પણ વચનના બાંધિઆ માનવી, તું તો ઝાડ ચડંતા પડેશજી ॥

હે ભાઈ ગોવાળીઆ એ તળાવમાં જીવતાં પાણી છે ને તેમાં

વમળ બહુ છે. ત્યાં તું હિમ્મત રાખી તારા કહ્યા પ્રમાણે હાર લેવા જાય છે ને તે લાવીને મને આપશે તો ખરો, પણ ઝાડ ઉપર ચહડતાં કદાચ પાણીમાં પડ્યો તો તે વમળમાં તું તણાઈ જશે ને તેથી તારો જીવ જશે. એવું ગોવાળીઆને કહીને પેલી બાઇ તો પછી ત્યાંથી ચાલી ગઈ. હવે પાંહાં પેલો ગોવાળીઓ તો ઝાડ આગળ આવ્યો ને હિમ્મત રાખી ઘણી તદબીરથી ઝાડ પર ચડ્યો, ને બહુ સંભાળ રાખી ઝાડ પરથી પેલો હાર લેઇ હેઠે ઉતર્યો. હેઠે ઉતરીને ત્યાં આસપાસ જુવે છે તો પેલી બાઇ તો મળે નહીં. તેવાજ તે જે રસ્તે પેલી બાઈ ગઇ તે રસ્તે તેની પાછળ પાછળ ઉતાવળથી ચાલ્યો, એટલે થોડે ચાલતા રસ્તામાં એક મોટું બીલીનું ઝાડ આવ્યું, તો તે બીલીના ઝાડનું પેલો ગોવાળીઓ ધાવ કહીને પછી કેવો ઠપકો દે છે!

હે બીલી વડાવું તારાં ડાળ પાંખડાં, અને ખોદું થડીઆં મૂળો॥
પણ હાં રહી ગોરાંદે સુંદરી ગઈ, તેને કાંટાની ન ભાંગી શૂળો॥

પેલો ગોવાળીઓ કેહે કે હે બીલી તારા ડાળ પાંખડાં કપાવીને તને આજે હું થડ મૂળમાંથી ખોદી નાંખું, અંહિંઆ રહીને રાજાની રાણી ગઈ તેને તારા કાંટાની શૂળ કેમ નહીં ભાંગી? જો તારો કાંટો તેને પગે ભાંગ્યો હોત તો તે કાંટો કાહાડવાને હાલ તે અંહિંઆ અટકતે, એટલે હું તેનો હાર આપતે ને મળતે–એવું પેલા લાલગોવાળે પેલા બીલીના ઝાડને કહ્યું. ત્યારે હવે પેલી બીલી તે ગોવાળીઆને ધાવથો ધીમે રહીને કેવું કેહે છે!

હે શાને વાડે મારા ડાળ પાંખડાં, ને શાને ખોદે મારાં મૂળે ॥
પણ હાં રહી ગોરાંદે સુંદરી ગઈ, તેને પાંહાં ભાંગી કાંટાની શૂળે ॥

પેલી બીલી બોલી કે મારા ડાળ પાંખડાં તું શું કરવા વાઢાડી નાંખે, ને મારૂં થડ મૂળ તું શું કરવા ખોદી કાહાડે, અંહિંઆ રહીને રાજાની રાણી ગઈ તેને પાંહાં પેલી તરફ કાંટાની શૂળ ભાંગી છે ને તે ત્યાં કાંટો કાહાડે છે તે તું તપાસ કરીને જો. એવું બીલીએ કહ્યું એટલે પેલો ગોવાળીઓ તો જરા ત્યાંથી આગળ ચાલ્યો એટલે માલમ પડ્યું કે પેલી રાણી પગમાંથી કાંટો કાહાડે છે, તે આઘેથી પેલા ગોવાળીઆએ દીઠી. તેવા ત્યાં તે દોડ્યો ને પછી મળીને તે રાણીને તેણે

કહ્યું કે હે ભલી આદમી હું તારો હાર લેવાને દોડ્યો ત્યાં મને વાર તો લાગી નથી, એટલી વારમાં તું ચાલતી થઈ કે? લે હું તારો હાર, લ્યો, એમ કહીને પેલો હાર તે બાઈને આપ્યો. હવે ત્યાર પછી ત્યાં પેલા ગોવાળીઆ છે તે પેલા બીલીના ઝાડને કેવા આશિર્વાદ દે છે!

હે બીલી તું મારે મન સદા લીલી, અને ભરાવું કાંટાના ગાળા ॥
પણ એક વરસમાં ત્રણ વાર ફળજે, મારા નહીણાં કીધાં તાહાડાં ॥

હે બીલી તું બારે દાહાડા લીલી ને લીલી રેહેજે, કદી સુકાતી નહીં, તારા થડની આસપાસ કાંટાની વાડ ભરાવું કે તને કોઇ છેડે નહીં. તારો ફાલ વરસમાં ત્રણ વાર આવજે, કેમકે તેં આજે મારી આંખ તાંહાડી કરી છે—એટલે તારો કાંટો ભાંગ્યો તો તે બાઈ અટકી ને હું તેને મળ્યો, એવું બીલીને તે ગોવાળીઆએ કહ્યું. હવે પાંહાં પેલી સ્ત્રીએ ગોવાળીઆએ હાર આપ્યો તે લીધો ને ખુશી થઈ, ને પછી જતી વખત તે બાઈ ગોવાળીઆને કેહેછે કે હવે આપણે કાલે મેલાવડો કરવો તે ક્યાં કરીએ? ત્યારે ગોવાળીઓ કેહે કે પેલું મારૂં સામું ગુવારનું ખેતર છે તે જોયું, ત્યાં હું મળીશ, માટે ત્યાં તું આવજે. પેલી સ્ત્રી તો પછી ઘેર ગઈ ને તે દાહાડો તો પછી વીતી ગયો. બીજે દાહાડે સહવાર થઈ એટલે તેણે પાછા સોળે શણગાર સજ્યા છે, રૂપાનો પુંજા કરવાનો દાબડો હાથમાં લીધો છે, માંહે અગર ચંદન કસ્તુરી ભર્યા છે, કાંઈ ખાવાનું કરવાનું હતું તે લીધું છે, તે બધું લઈ કરીને ઘેરથી તે નીકળી ને પેલા ગોવાળીઆનું ખેતર છે તે રસ્તા તરફ તેણે ચાલવા માંડિયું. ચાલતાં ચાલતાં ઘણી વાર થઈ એટલે એક ખેતરમાં આવી પોંહોચી ત્યાં તેણે બીજા ખેતરવાળાને દીઠા, પણ લાલ ગોવાળને દીઠો નહીં. ત્યારે હવે તે બીજા ખેતરવાળાને કેવા ઘાવ કહીને તે ખેતરમાં ચાલે છે!

હે ભાંગું અગર ચંદનનો વાડકો, અને તોડું નવ લાખનો હારે ॥
પણ હું તમને પુછું સાથીડા, મારો ક્યાં ગયો લાલ ગોવાળે ॥

હે ખેતરવાળા તમે લાલ ગોવાળના સોબતીઓ હું તમને પુછુછું કે મારો લાલ ગોવાળ ક્યાં ગયો છે તે બતાવો, નહીં તો હમણાં હું મારો પુંજા કરવાનો દાબડો ભાંગી નાંખીને મારો નવ લાખનો મોતીનો હાર તોડી નાંખીશ તેનો જવાબ તમારે આપવો પડશે. એવું તે બાઈએ

કહ્યું, ત્યારે ત્યાં પેલા બીજા ખેતરવાળા ઘાવ કહી તે બાઈને પાછો કેવો જુવાબ દે છે !

હે કેમ ભાગે અગર ચંદનનો વાડકો, ને કેમ તોડે નવલાખ હારે ॥
પણ હમે છીએ તેના સાથીડા, તારો લાલ તો પેલી વાડે ગુવારે ॥

હે બાઈ તું શું કરવા તારો પુંજાનો દાબડો ભાંગી નાંખે, ને શું કરવા તારો નવ લાખનો હાર તોડી નાંખે, હમે બધા ખેતરવાળા તો તારા લાલ ગોવાળના સોબતીઓ છઈએ, અને તારો લાલ ગોવાળ તો જો પેલા સામા ખેતરમાં ગુવાર વાહાડે છે. એવું પેલા સાથીઓએ કહ્યું ત્યારે પેલો સ્ત્રી તો તે ખેતરમાં ચાલો ને ત્યાં જઈને લાલ ગોવાળને મળી. પછો વાત ચીત્ત કરી, પેલું ખાવાનું હતું તે લાલ ગોવાળને ખવાડ્યું. પછી ઉઠતી વખત કહ્યું કે હવે કાલે હું તમારે ઘેર આવીશ, તમારૂં ઘર કેણી તરફ છે તે બતાવો. પેલો ગોવાળીએ કેહે કે આ ખેતરથી બરાબર સામાં ને સામાં ચાલ્યા જવું ને ઘોડું ચાલ્યા કે પેહેલુંજ મારૂં ઘર આવે છે, એ નિશાની રાખીને ત્યાં તું આવજે, એમ કહ્યું તે પ્રેમીએ સાંભળ્યું પછી તે બાઈ તો પોતાને ઘેર ગઈ. હવે તે દિવસ તો વીતી ગયો ને બીજો દિવસ થયો તે દિવસે પાછા સોળે શણગાર સજ્યા, ને પાછી રાતની પેલા લાલ ગોવાળના ઘર તરફ જવાને નીકળી આવી હવે ત્યાં તેના ઘર આગળ આવી તો લાલ ગોવાળ તો પાછલી પરશાળમાં સુતેલો છે ને તેને આગલે બારંબાડ કરી બાંધેલી છે, ને તેનો ઝાંપો તો બંધ કીધેલો છે ત્યાં ઝાંપલા આગળ આવીને પેલી સ્ત્રી ઉભી છે, હવે ત્યાંથી તે સાદ મારી ધાવ કહી પેલા લાલ ગોવાળને કેવી રીત બોલાવે છે !

હે ઘુઘરીઆળો પરણ્યા તારો ઝાંપલો, ને રતન જડિયાં કમાંડ ॥
પણ ઊંઠારે પીયુ નીંદરા ભરિયા, ગોરી ઝુલે છે ઝાંપા બાહારે ॥

હે નવી પ્રીતીના સ્વામી તારે ઝાંપલે તો ઘુઘરીઓ ધમકે છે ને બારણે તો રતન જડિયાં છે, (એટલે તારી વાડનો ઝાંપો તો કાંટાનો છે, ને તારૂં બારણું કામડાં કરાંઠીનું બનાવેલું છે) માટે તેમાંથી તમો આ વખતે ઝબકીને જાગો, ને ઉભા થઈ ઝાંપલો ઉઘાડો કે હું તમારા ઘરમાં આવું, હાલ તો હું ઝાંપલાની બાહાર આવીને ઉભી રેહેલી છઉં.

એવો સાદ તે સ્ત્રીનો પેલા લાલ ગોવાળે ઊંઘમાંથી સાંભળ્યો, તો હવે તે સાંભળી તે ગોવાળીઓ સાવચેત થઈ પેલી સ્ત્રીને પાછો કેવો જ-વાબ દે છે !

હે સાંકળ ખખુડે મારૂં મન લલચે, પણ દાજી પોઢ્યો આગલે બારે ॥
અને જાગતો હશે તે ડોસલો, અરે હું તો કેમ કરી ઉઘાડું દુવારે ॥

પેલા લાલ ગોવાળે કહ્યું કે તું સાંકળ ખખડાવે છે તે હું સાંભ-ળું છઉં ને તેથી મારૂં મન લલચાય છે, પણ આગલે બારણે પરશા-ળમાં મારો બાપ (ડોસો) સુતેલો છે તે વખતે જાગતો હશે તો હું ઉઠી ને શી રીતે આવું, ને ઝાંપાનું બારણું ઉઘાડી તને અંદર શી રીતે તેડી લાવું ! એવું તે સ્ત્રીએ સાંભળ્યું. ત્યારે હવે તે સ્ત્રી પાછી તે ગોવા-ળીઆને કેવી રીતે કહે છે !

હે ડોસાને જાંહાંસો કટારીને, તમે ઉઘાડો લાલ કમાડ ॥
પણ મજ સરખી તો સુંદરી, તે નહીં આવે વારો વારે ॥૧॥
સવા લાખનો મારો ગોફણો, અને નવ લાખ મોતન હારે ॥
પણ જો રજા કરી જાણ શે, તો હું ભરીશ લાખ બે ચારે ॥૨॥

પેલી સ્ત્રીએ કહ્યું કે હે લાલ ગોવાળ તારો ડોસો જાગતો હોય ને તેથી તારાથી મારી પાસે નહીં અવાય એવું હોય તો તું તારા ડોસાને પુરો કર (મારી નાંખ), ને જલદી તું ઝાંપલો ઊઘાડ કે હું તારા ઘરમાં આવું. તું મનમાં નક્કી સમજજે કે મારા સરખી પદમનિ રાણી તારે બારણે વારે વારે આવવાની નથી. તું ડોસાને મારી નાંખશે ને તે વાત કદાચ રાજા જાણશે ને તારા જાન પર કંઈ આફત આવીને પડશે તો મારો સવા લાખનો ગોફણો ને નવ લાખના હારથી તને છોડવીને તારો જીવ બચાવીશ, એટલે બે ચાર લાખ રૂપીઆ ખરચ થશે તો ખરચીશ પણ તારા શરીરને આંચ આવવા દેનાર નથી. માટે જે તે વાતે ડો-સાને તું પુરો કર, ને ઝટપટ મને આવીને મળ.

એવું તે સ્ત્રીનું બોલવું પેલા ડોસાએ ઊંઘમાંથી સાંભળ્યું ને જા-ણ્યું કે આંહાં તો મારો ઘાટ ઘડાવાના સામાન થાય છે ને હમણાં મારો ઘાટ ઘડાઈ જવાનો. એવું વિચારી હળવે રહી તે ડોસો ઉઠ્યો ને એક લાકડી ઝાલીને પાછલા બારણા તરફ આવ્યો ને ત્યાં એક ખુણામાં

ભરાઈ ગયો, તે ડોસો ત્યાં ગયા પછો પેલા લાલ ગોવાળે બારણું ઉઘા-ડ્યું ને પેલીને ઘરમાં લીધી. પછી તેઓએ ખાધા પીધા, તે નર ગયા વહી, તેની વારતા તો બધા આગળ કહી.

રાજા આદીનની વારતા. (૪).

એક આદીન કરીને રાજા હતો તે રાજા આદીનને બે રા-ણીઓ હતી. તેમાં એક માનીતી, ને બીજી અનમાનીતી. હવે માનીતી રાણીને રાજાએ પોતે રેહે તે મેહેલમાં રાખેલી, ને અન-માનીતી રાણીને પોતાના મેહેલની સામો એક જૂદો મેહેલ બધાવી આપ્યો તેમાં તેને રાખી. હવે અનમાનીતી રાણી જૂદા મેહેલમાં રેહે ત્યાં તેણે એક વેહેવારીઆ વાણીઆ સાથે પ્રીત કરેલી, તે વાતની રાજાને કંઈ ખબર નથી. હવે એક દહાડાને સમાજોગે બાઈબંધ દોસ્તદારોની સાથે રાજા આદીન શીકારે ગયો—હવે શીકારે ગયો તે વખતનો અનમાનીતીના મોહોલમાં વેહેવારીઓ વાણીઓ આવેલો છે. ત્યારે તે વખતે અનમાનીતીએ મનમાં વિચાર કીધો કે આજ રાજા આદીન શીકારે ગયો છે, ત્યાં ફુલ દારૂ પીસે ને તે દારના ઘેનમાં આજ સાંજે તે ગાંડો ઘેલો થશે. માટે એક દાસીને આંગણા આગળ ચોકી કરવા બેસાડું કે જ્યારે તે ઘરમાં આવે તો મને તરત ખબર કરે. હવે પેલી દાસી ચોકીએ બેસાડેલી છે તેવી તકમાં રાજા આદીન શીકારેથી આવ્યો ને કેફની ધુનમાં માનીતીનો મોહોલ ભૂલી જઈ અનમાનીતીના મોહોલના ઓટલા ઉપર ચઢ્યો. હવે ત્યાં તો પેલી દાસી ઓટલા ઉપર બેઠેલી છે તો તે હવે ધાવ કહીને પોતાની ધણીઆણીને કેવો ચેતાવે છે !

હે કડી ખખડી લગામડી, ને હણુ હણીઓ એકે કાન ॥
પણ મોજડો ચમકી ચોકમાં, ઘેર આવ્યો નાવસ જાણ ॥

હે રાણી રાજાના ઘોડાની લગામ ને પાવડાની કડી ખખડી, ને એક કાન પણ ખખડ્યો, ને ચોકમાં રાજાના જોડા ખખડ્યા માટે તું ચેતરે રાણી તારો ધણી રાજા તારા ઘરમાં આવ્યો છે. એવો

ધાવ પેલી દાસીએ અનમાનીતી રાણીને કહ્યો, પણ તે તો બીલકુલ એમાં સમજતી નથી. ત્યારે હવે તે દાસી તે વખતે પાછો બીજો ધાવ કહી રાણીને કેવું સમજાવે છે ! .

હે જળ ઊંડામાં પુરણ ભરી, તે ઉપર ભમરો ઢીલ વિલાસે ॥
પણ ચેતવું હોય તો ચેતજે, રાજા આવ્યો છે તારી પાસે ॥

હે રાણી તું તો ઇશકમાં પડી છે, ને વેહેવારીઆ વાણીઆ સાથે મોબત બાંધી ગમત કરે છે, પણ તારો ધાણી રાજા તો તારી પાસે આવ્યો છે, માટે તારે ચેતવું હોય તો ચેતી લે, હું તો તને ખબર કરૂં છઊં. એવો ધાવ પેલી દાસીએ રાણીને બીજી વાર કહ્યો પણ હજુ તે તો સમજતી નથી. ત્યારે હવે પાછો ત્રીજો ધાવ તે દાસી પેલી અનમાનીતી રાણીને કેવી રીતે કેહે છે, ને તેને કેવી ચેતાવે છે !

હે એક કમળ ને બે ભમર, ને તે બેઊને લાગી છે પ્રીત ॥
પણ શું જાણે કે શું વીતશે, હાં તો દઇપક ચડ્યો છે દૈત ॥

હે રાણી તને બે પુરૂષ છે, અને બંનો પુરૂષને તારો સાથે પ્રીત લાગેલી છે, પણ તને ખબર નથી કે તેમ કીધાથી તને શું શું દુઃખ થશે. માટે તારે ચેતવું હોય તો ચેતી લેજે તારો ખરો વર રાજા આદીન તારા ઘરમાં પેંસી ચુકયો છે, ને તેની આંખમાં બહુ કીનો ભરાયો છે. એવો ત્રીજો ધાવ પેલી દાસીએ તે રાણીને કહ્યો, પણ અનમાનીતી રાણી તેના બોલવાનો અર્થ બરાબર કંઇજ સમજતી નથી, પણ તે વખતે તે મોટા ઘોલાટમાં પડી. ત્યારે હવે તે દાસી તેને પાંછો ચોથો ધાવ કેવો કેહે છે, ને કેવી સમજાવી દે છે !

હે પીયુ તો ચડ્યા પાવડાએ, અને હવે રહ્યા ફકત ત્રણે ॥
પણ હવે ચેત તો ચેતજે, નહિંતો તારૂં આવ્યું છે મરણ ॥

હે રાણી હું તને કહું છઊં પણ તું સમજતી નથી, તારો રાજા તારા ઘરમાં પેઠો છે ને દાદરે ચડવા માંડ્યું છે ને હવે ફકત ત્રણજ પગથીઆં ચડવાના બાકી છે, માટે તારે ચેતવું હોય તો ચેતી લેજે ને પેલા વેહેવારીઆને તારી પાસેથી આઘો ખસેડી મૂકજે, નહિંતો તારૂં મોત પાસે આવ્યું જાણજે. એવો ચોથો ધાવ પેલી દાસીએ કહ્યો તે રાણીએ સાંભળ્યો, ત્યારે તો તે બરાબર સમજી ગઈ કે એહેવા

રાજા દાદર ઉપર ચઢ્યો છે ને માળે આવે છે. હવે ત્યાં પેલો વેહેવારીઓ છે તે થર થર ધ્રુજવા લાગો કે અંહિઆ મારી કમબખતી આવી. ત્યારે તેને પેલી અનમાનીતી કેહે છે કે મરદમાં બત્રીસ ગુણ, ને સ્ત્રીમાં છત્રીસગુણ, તેથી તારા કરતાં ચાર લક્ષણ મારામાં વધતા છે, માટે તું ગભરાય છે કાંય? એમ કહી અવળી પુંઠે દીવા મેલ્યો, ને દીવા પાછળ અંધારૂં કર્યું. પછી સવા મણ ફુલની સેજ પેલા વેહેવારીઆ વાણીઆ સારૂં બીછાવી છે તે સેજ દીવા પાછળ વેહેવારીઆને સંતાડીને તેના ઉપર ઢાંકી. પછી ઢાંકી કરીને હીંચકા ઉપર જઇને બેઠી. હવે અગરબત્તી, મીણબત્તી ત્યાં બળે છે, નારીએ કુંજરના ચીર પેહેરેલાં છે, સુંદર મોતીની વાળી નાકે ઠપકાવેલી છે, દાસી સામી ઉભેલી છે ને હીંડોળે રાણી ઝુલે છે. એવી તકમાં રાજા હીંચકા ઉપર આવીને બેઠો. પછી થોડી વાર રહીને રાજા ને રાણી બંનો જણા સારે પાસે સોગઠાં દાવ રમવા બેઠા. રમતાં રમતાં રાજાની નજર અનમાનીતી રાણીના ગાલ ઉપર ગઈ, તો તેના ગાલ ઉપર રસીઆએ ચુંબન પડેલું દીઠું. તે જોઈ રાજા તેને કેહે છે કે તારા મેહેલમાં એવા રસીઆ કોણ આવ્યો કે ગાલ ઉપર તે ચુંબન દઈ ગયો. તે સાંભળી અનમાનીતી તો તે વખતે જરા ગભરાઈ, પણ ત્યાં તે વખતે તેની દાસી ઉભી હતી તેણે તે સાંભળ્યું તો હવે તે દાસી ધાંત કહીને પોતાની રાણીની વતી રાજાને જવાબ દઈ કેવી સમજાવે છે !

હે વારમવાર વારંતી વરે, અને મજ વરંતી ગઈતી પરે ॥
હે જળ દેખીને આધી ખસી, એ તો કમળ લેતા ભમરે દસી ॥

હે રાજા મેં રાણીને ઘણી વખત વારી કે તું પાણી લેવા ના જા, પણ મારૂં કહ્યું નહીં માનતાં એ પાણી લેવા ગઈ, તે ઘણાં પાણી દેખીને બીધી આઘી ખસી, એવામાં કમળ લેવા જતાં તેના ઉપર એક ભમરો બેઠો હતો તે ઉડીને એના ગાલ ઉપર બેઠો ને જસ ડંખ્યો તેનું એ ચુંબન છે, બીજા કશાનું નથી. એવું દાસીએ કહીને પેલા રાજાને સમજાવી દીધો. હવે એ વખતે સામી બારી ઉપર રાજાની માનીતી રાણી બેઠેલી છે, તેણે એ દાસીનું કહેલું સાંભળ્યું તો હવે તે ધાંત કહી રાજાને કેવું સમજાવે છે !

હે આંબો ફળે પરીવાર વધે, ને મહુડાં ફળે પત ખોય ॥
પણ વાંદી રસ રાજા તેં પીધો, તને અકલ કાંહાંસે હોય ॥

અનમાનીતી રાણીની સામી બારીએ બેઠેલી રાજાની માનીતી રાણીએ કહ્યું કે હે રાજા આંબો ફળે તો લટબેર થાય ને કેરીઓ આવે, અને મહુડો ફળે તો નાંમો થાય, તેમ હે રાજા તેં નાગા ઝાડનો રસ પીધો છે તેથી તારી અકલ ગઈ છે ને તને કંઈ માલમ પડતું નથી, ને જેમ સમજાવે છે તેમ તું સમજે છે. એ સાંભળી રાજા આદીન તો મનમાં જરા ગુંચવાયો ને વિચાર કરવા લાગ્યો. ત્યારે ત્યાં પેલી દાસી કે તેજ પાછું ધીમે રહીને રાજાને કેહેછે કે ના, ના રાજા એ તો શોકોનો ખાર છે તે ખાર કાહાડે છે, પણ આ ઝાડમાં તો બહુજ ગુણ છે. એવું કહીને તે દાસી પેલા રાજાને ઘાવ કહી માનીતીનું કહેલું જુઠું પાડવાને કેવું ઊધું અનું સમજાવે છે !

હે પાન પદારથ ફુલ રસાં, અને વળી ફળે દીવા બળંત ॥
પણ હું બલિહારી તારાં રૂખડાં, અને રૂઠ્યા સજ્જન મળંત ॥

તે દાસીએ કહ્યું કે હે રાજા પાન ફુલ ને રસ એનું કંઈ મૂલ થતું નથી એટલે તે અગુતોળ્યાં વેચાય છે, અને ફળમાંથી દીવા થાય છે એટલે ડોળા ફળમાંથી નીકળે છે ને તેને પછી પીલે છે એટલે તેલ થાય ને તેના દીવા બળે છે. તેમ રાજા તમે ઘણા દાહાડાના રૂઠેલા હતા ને એ ઝાડને મળ્યા ને એનો રસ તમે પીધો એટલે અનમાનીતીને ઘેર તમે આવ્યા ને વાતચીત્ત કરોછો ને બેઠા છો તેથી તમારી માનીતી રાણી બળે છે. એ સાંભળી રાજા તો જાણે ભ્રાંતિમાં પડ્યો. હવે પાંહાં પેલો વેહેવારીઓ છે તે થરથર ધ્રૂજ્યા કરે છે, તેના ઉપર પેલી અનમાનીતી રાણીની નજર ગઈ તો તે રાણી હવે ત્યાં પેલા વેહેવારીઆને ઠપકો દઇને કેવું કેહેછે !

હે કાચી કળીએ તને લપેટીઓ, અને થરથર ધ્રૂજે કાય ॥
પણ અધુર તણો રસ ભોગવ્યો, તું તો મોતે ડરે છે કાંય ॥

તે રાણીએ વેહેવારીઆને કહ્યું કે તને ફુલથી તો બધો લપેટી લીધો છે (ધ્રશકમાં પડ્યો છે), છતાં તું ઘણો મનમાં બીએ છે, તેં મારી સાથે ઘણીજ મોજ શોખ કીધી ને બહુ ખાધું પીધું છે તો હવે

વહેવારી વાણીઆની ધણીઆણીના મનમાં ખોટું આવ્યું કે રાત્રના ચાર પહોર વહી ગયા ને મારો ભરથાર મારી પાસે નહીં, પછી તે ગોખલે ગોખલે શોધવા નીકળી ત્યારે અનમાનીતી ગોખલે બેઠેલી હતી ત્યારે વહેવારી વાણીઆણીની નજર અને અનમાનીતીની નજર બેઉની એક થઈ, ત્યારે અનમાનીતીએ ધાવ કહ્યો.

ભમરી તું સીધ રૂદન કરે, તારો મધુર ગર મુવો મત જાન ।।
મેં બાંધ્યો છે તે છુટશે, રવી ઉગમતે ભાણ ।।

વેહેવારી વાણીઓ અનમાનીતીને ધાવ કહીને કેવો સંભળાવેછે.

કે.ન માર્યો હોય તો એને મારજે એ નર એવું શવાય ।।
જેને ઘરે કસ્તુરી નીપજે કે તેના મન ધંતુરે જાય ।।

મને કસ્તુરી જેવી મેલીને મોલે મોલ ભટકતો શું કરેછે એવું કહીને ચાલ્યા, ખાધા પીધા રંગ કીધા, તે નર ગયા વહી, તેની વારતા ભલા આગળ કહી.

નાગલા આહીરની વારતા. (૫).

જોગડો કરીને આહીર (ભરવાડ) હતો તેની પાસે પૈસો ખુબ હતો, તેણે એક વાડી રાખેલી હતી, તે વાડીમાં મહાદેવનું દેરું હતું, તે રોજ મહાદેવની પુંજા કરે, ફુલ તથા દુધ રોજ ચડાવેછે, ચડાવતા ચડાવતા ઘણા દીવશ થયા; એક દહાડાના સમાજોગે મહાદેવ તુસમાન થયા, ત્યારે મહાદેવ કહેવા લાગ્યા કે આ વખતે કોઇ માનવીનો જણ્યો હોય તો તે જે માંગે તે આપું; એટલે જોગડો આવીને પગે લાગ્યો, એટલે કહેછે કે માંગ માંગ જે માંગે તે આપું. ત્યારે જોગડો બોલ્યો કે, માહારાજ મારે પેટે પુત્ર નથી. ત્યારે મહાદેવ બોલ્યા કે હું તારી બઈરીને પેટે અવતાર ધરીશ, માટે તું તારે બીજથી દહાડા ગણવા માંડજે, એટલે નવ મહિને હું અવતાર ધરીશ, તેનું નામ નાગલો આહીર પાડજે.

નવ માશ પુરા થયા એટલે છોકરો અવતર્યો, તેનું નામ **નાગલો આહીર** પાડયું, તેનો સારે ઠેકાણે વહેવા કીધો ને પછી **નાગલો આહીર** પરણ્યો. હવે સંસારના વહેવારમાં પડયો; બઇરી જુઓ તો ગોરી, ને **નાગલા આહીર** જુઓ તો અંગે કાળો; એક દહાડાના સમાજોગે દેતાની **નાગલા આહીર**ની) બઇરી બોલી, માહરાજ તમે તો કાળા છો, એટલે **નાગલા આહીર**ને રીસ ચઢી; હવે પેલી બઇરી ધાવ કહેછે, કેવી **નાગલા આહીર**ને મનાવેછે,

ચોદશ નેતર તાણીઆ ને વીજ કરે ચમકાર ॥
જેને આવે નવે નીત નીપજે કાળા મેઘ કુંવાર ॥

તે માટ મેં સ્વામીનાથ તમને કાળા કહ્યા, તોપણ તે માનતો નથી, માટે પાછો બીજો ધાવ કેવો કહી સંભળાવેછે,

કે વન માસે આવે મલપતો ને ફોજ તણો સરદાર ॥
સાંકળ તોડે ને મધ પીએ તે કાળા હાથી કુંવાર ॥.

તે માટે મેં સ્વામીનાથ તમને કાળા કહ્યા, તોપણ તે માનતો નથી, માટે હવે પાછો ત્રીજો ધાવ કેવો કહી સંભળાવેછે,

ભાદરવે માસે આવે મલપતી ને મહીનો પુરે અપાર ॥
જેને ઘીએ ગેભર નીપજે તે કાળી જોડ કુંવાર ॥ (ભેંસ).

તે માટે મેં સ્વામીનાથ તમને કાળા કહ્યા. તોપણ તે માનતો નથી, હવે ચોથો ધાવ કેવા કહી સંભળાવેછે,

કે ચાલો સ્વામીનાથ જઇએ દુવારીકા ને પુંજીએ કનઇઆ લાલ ॥
જેને પુંજે પ્રાછીત વેગળા તે કાળા કૃષ્ણ કુંવાર ॥

તે માટે મેં સ્વામીનાથ તમને કાળા કહ્યા, તોપણ તે માનતો નથી, હવે પાંચમો ધાવ કેવો કહી સંભળાવેછે,

ધરતી મધ્યે ફુંફવે ને માથે મેણુ મલાર ॥
જેની ફુંફાડે મરે તે કાળા નાગ કુંવાર ॥

તે માટે મેં સ્વામીનાથ તમને કાળા કહ્યા, ત્યારે પછી મનાયા (**નાગલા આહીર**).

પછી મનાયા એટલે ઘણું હેત મન થયું ત્યારે પેલી બાઇ એમ કહેવી લાગી કે, તમે મરશે તો તમારી પછાડી મારે મરવું, ને પેલો **નાગલો આહીર** પણ કહેવા લાગો કે, તુ મરે તો તારી પછાડી મારે પણ મરવું; હવે પેલો **નાગલો આહીર** વાડીમાં ગયો ત્યારે તેના બાપે સાંભળ્યું અને તે પણ તેની પછવાડે ગયો (**જોગડો આહીર**). હવે જઇ કરીને **નાગલાને** કેવી રીતે સંભળાવેછે, અને નીચે મુજબ ધાવ કહેછે,

કે **નાગલા જોગડો** એમ જાણે, કે એક બાત અંધેરી હોય ॥
છેણુામાંથી (છાણુામાંથી) વસીઅણ દસી, તારી ધણીઆણી મરીગઇ॥

ધાવ કહી એનો બાપ તો ગયો, એટલે પેટમાં કટારી મારીને પડયો, એટલે બપોરના બાર વાગ્યા એટલે હવે એની ધણીઆણી પોતાની સાસુને ધાવ કહીને કેવી રીતે સમજાવેછે,

સાંભળ બાઇજી મારી વાટડી, ને સાંભળ મારી વાત ॥
તમારો કુંવર ભુખાવળો, મને ભેળા કરી આપો ભાત ॥

કે હું લઇ જાઉં, હવે તેને તો કરી આપ્યાં ને પેલી બાઇ તો લઇને ગઇ, અને હવે નીચે મુજબ ધાવ કહેછે,

તારી વાડે વલવલું ને ઉત્તર કાંયના દેશ ॥
કામ પડશે તો તજને ઘણા નોરા કરીશ ॥

એમ કરીને વાડ ફલંગીને ગઇ, ત્યાંહે જુવે તો કટારી મારીને પડેલો, ત્યારે પોતીકી સ્ત્રીએ કટારી કાઢીને પોતાના પેટમાં મારવા ગઇ, ને કટારીને ઠપકો કેવી રીતે દીધો, અને નીચે મુજબ ધાવ કહેછે;

કટારી તું મારે મને પંખારી ને લોહી દેખી મન્નકાય ॥
તને બાધી કેડમાં તે કાળ છેડયાં કાંય ॥

અને પાછો નીચે પ્રમાણે ધાવ કહેછે.

કાળ છે એ કટારીએ ને શેકું અંગારે ॥
જે વના ઘડી નોતા ચાલતા તે વીસર્યો જનમારે ॥

એવું કહીને પોતાના પેટમાં કટારી મારવાનું પેલી સ્ત્રીએ કર્યું, એટલામાં શંકર પારવતીનો રથ આવ્યો ત્યારે પારવતી કહેવા લાગ્યા કે, મહારાજ આને સજીવન કરો, ત્યારે માહાદેવ બોલ્યા કે એવા તો

ઘણુએ આવશે. ના માહરાજ એક કરતાં બે હસા થાયછે. ત્યારે માહરાજે (અમૃતનો) કુપ્પો છાંટીને સજીવન કર્યાં, ખાધા પીધા રંગ કીધા, તે નર ગયા વહી, તેની વારતા તો ભલા આગળ કહી.

બેચરાજીની વારતા. (૬).

ઘણી ધણીઆણી સજોડે બેસીને સાંભળે તો તેને કાશી ગયાનું પુન થાય, બાપ દીકરી સજોડે બેસીને સાંભળે તો તેને દુવારકા ભેટયાનું પુન થાય. એક કારેલીનો રજપુત હતો અને એક પાટણનો રજપુત હતો, એકનું નામ **રેવંચી** ને બીજાનુ નામ **આવરો,** તે બેઉને ઘણી દોસ્તી હતી. તે જ્યાં જાય ત્યાં સાથેને સાથે જાય. એક દહાડાના સમાજોગે બંને જણ કંઇ શીકાર રમવાને ગયા, ત્યાં ખાધા પીધા, ને તે બંનેને ઊલટ આવી, હવે બંનેની બઇરીને ગર્ભ રહ્યા છે ત્યારે **રેવંચી** બોલ્યો, ભાઇ આપણે ને તમારે ઘણી દોસ્તી છે. અને હવે આપણી બઇરીને ગર્ભ રહ્યા છે, તે વાસ્તે તને છોકરો આવે ને મને કદી છોકરી આવે તો આપણે બંનેના વહેવા કરવા, ને મને છોકરો આવે ને તને છોકરી આવે તો મારે વહેવા કરવા. એવા બંનેના વચનથી કોલ-કરાર થયા, પણ પરમેશ્વરના કરવાથી બેઉને છોકરી આવી. હવે કારેલીનો રજપુત જુઠું બોલ્યો કે મને તો છોકરો આવ્યો એમ કરીને તેને ખાંડુ મોકલ્યું. એમ કરતાં કરતાં છોકરી મોટી થઇ તોપણ તેને છોકરાનો વેશ લેઇને ફેરવ્યા કરે. હવે પેલી છોકરીએ છોકરાનો વેશ લીધેલો તેને પોતાને સાસરે તેડાવ્યો ત્યાં તે મહીનો બે મહીના રહ્યો ને પાછો ઘેર ગયો પછી પોતાની વહુને પણ તેડાવી, તે પણ બે મહીના રહીને પોતાને પીએર ગઇ, તેની બેન પણ પુછવા લાગી કે તું બે મહીના સાસરે રહી આવી તો તને સુખ કોનું છે. ત્યારે તે છોકરી

કહેવા લાગી કે મને બધાનું સુખ છે; પણ મારા ધણીનું કાંઇ સુખ નથી. તે વાતની ઘરમાં ચાળાચોળી થઇ. ત્યારે ઘરવાળાએ મનસુબો કીધો કે આપણે એને તેડાવો ને એના પારખા જુઓ, તેને તેડાવ્યો એટલે તે ઢાલ તરવાર બાંધીને ઘોડીઉપર આવ્યો. સાથે એક કુતરી રાખી સાથે ચાકર રાખ્યો; હવે પેલાએ ચાકરને સમજાવ્યો કે મને કદી જમવા ઉઠાડે ત્યારે તું બુમ પાડજે, એટલામાં ચાકરે બુમ પાડી કે ધાજોરે ધાજોરે ગામમાં તો લૂટ પડી, એટલે પાછો ઘોડાઉપર સવાર થયો. ને પોતે ઘેર જવા લાગ્યો, અગાડી કુતરી ચાલે છે એટલે પાટણના રસ્તાઉપર એક પાણીનું ખાંબોચીઉં ભરાયલું હતું ને ત્યાં આગળ એક આશો પાલોનું ઝાડ હતું, તે પાણીમાં રહીને કુતરી ગઇ તેનો કુતરો થયો, પેલી ઘોડી ગઇ તેનો ઘોડો થયો, પેલી છોકરી ઘોડાઉપરથી ઉતરીને ગઇ તેનો મરદ થયો. હવે પેલો મરદ કહેછે કે આ પાણીમાં શું તીખલ છે, તે મને બતાવો, એટલે માતા **બહુચરા** નીકળ્યા, માતા હાથમાં ખપ્પર લઇને આવ્યાં ત્યાં તેને માતા **બહુચરાએ** ધાવ કહ્યો.

પાટણવાળું પરગણું ને મગરવાળું ગામ ॥
પછમને કળે અવતર્યાં માતા **બહુચરા** મારૂં નામ ॥

અને પાછો નીચે પ્રમાણે ધાવ કહેછે.

ઘોડીનો ઘોડો કીધો ને મેરીનો કીધો મરદ ॥
કુતરીનો કુતરો કીધો માતા બહુચરા રાખે બરદ ॥

એમ કરીને હસ્તે મોંડે પોતાને ઘેર ગયા, **જેવંતી** બાઇને પેટે પુત્ર નહીં મળે ત્યારે તેને કામધેન ગાય રાખી, ગાયને પેટે વાછરડો થયો; તે મોટો થયો ને રોજ ચરવાને જાય, **જેવંતી**બાઇનો ભાઇ છે તેનું નામ **આંજણો** ગામેતી, તે રોજ ગામમાં ચોકી કરે. એક દહાડાના સમાજેને વાછરડો તેની નજરમાં આવ્યો ત્યારે તેને કહ્યું કે આપણે એને સમરાવીએ, ગામમાંથી ભરવાડને બોલાવ્યો ને તેની પાસે પાસા લખાવ્યા એટલે (દોરડા) લાખીને સમરાવ્યો. ને ગાયની સાથે છુટો મૂક્યો, થોડુંક ઘર આઘું રહ્યું એટલે પેલી ગાયે બુમ પાડી ઓમા, ઓમા, એટલે પેલી **જેવંતી** બાઇએ સાંભળ્યું. તે બારણે નીકળી

એટલે પેલો વાછરડો થોડેક આધે મરતુક પામ્યો. પેલી ગાય વાછરડાને ચાટે છે એટલે **જેવંતી** બાઇએ ધાવ કહ્યો,

કે માયા જેસી મોહેની ને જેસી અંધી ગાય ॥
બછરા થાસો મર ગયા અબ કેસા ચામ ચટાય ॥

પેલી ગાય તો ચાટતી રહી ગઇ. હવે પેલી **જેવંતી** બાઇએ શ્રાપ દીધો,

કે એ પ્રાણીઆને મેં દીકરો કરીને રાખ્યો, ને મારા દીકરાને સમરાવ્યો માટે તેનું પણ છ મહીને કે છ દીવશે મરતુક હોજો, હવે પરમેશ્વરને વારતા કરવી છે તો તે ગામમાં છ દીવસે ધાડ પડી ને તે **આંજણા** ગામેતીને માર્યો, હવે જેવંતી બાઇએ વીચાર કીધો કે મારો દીકરો પણ મુવો ને મારા શ્રાપથી મારો ભાઇપણ મુવો. માટે હવે મારે જીવીને પણ શું કરવું છે પછી તે બાઇ પણ તેની પછાડી સતી થઇને બળી મરી. હવે ત્રણએ અવતાર કયાં લીધા, ઊજન નગરીમાં ધનપાળશા શેઠને પેટે રતનબાઇ દીકરી થઇને અવતરી અને પેલો વાછરડો હતો તે પેલી રતનબાઇને પેટે બત્રીશ લક્ષણો છોકરો અવતર્યો ને પેલો **આંજણો** ગામેતી હતો તે **રૂપોબારેજીઓ** હતો, તેને પેટે નેપોબારેજીઓ થઇને અવતર્યો. તે ઘણો ઊધમાતીઓ નીકળ્યો. તે રોજ પાણીના પનઘટ (કુવાઊપર) ઊપર જઇને બેસે એટલે જે કોઇ સારી બઇરી જાય તેના બેડા ઊપર સીસાની ગોળી મારે ને પાછી પછાડીથી મીણની ગોળી મારે, એટલે બેડું સાંધી નાંખે. એમ કરતાં કરતાં રાજાની છોકરી પાણી ભરવા ગઇ તેને સીસાની ગોળી મારીને મીણની ગોળી મારતા વાર લાગી તેથી તે રાજાની છોકરી ઘેર ભીંજાતી ગઇ, ને રાજાને કહેછે કે આપણા શહેરમાં **રૂપોબારેજીઓ** છે તેને પેટ **નેપોબારેજીઓ** એવો નીકળ્યો છે કે તે પારકી બઇરીએની રોજ આબરૂ લેછે. રાજાએ તેને તેડાવ્યો ને હુકમ કીધો કે મારા ઘોડાનો તોર ફરે ત્યાંસુધી તારો પગ નહીં. ત્યાંથી કાઢી મુકયો કે "જયાં જાય જ્યાં જાય ઊજણૂ નગરી, સફરા નદી, સીધવર, ગંધરપી મસાણ" તેથી છ મહીના સુધી **બાવાબાળનાથને**

ત્યાં જઇને રહ્યો અને તેની ચાકરી જઇને બહુ કરી. બાવેબાળનાથ એક દીવસના સમાજોગે તુસમાન થયો ને બોલ્યો બચ્ચા માંગ માંગ તું જે માંગે તે આપું. ત્યારે પેલો બોલ્યો, કે માંગુ તમારૂં વચન, બાવાએ વચન આપ્યું, ત્યારે પેલો બોલ્યો, કે મારી પાસે સબ હેં, મેરેકું તો વસીકરણુ કર દો, પારકી સ્ત્રી જતી હોય તે મેરી સાથે ચલી આવે એસા કરદો. એટલે પેલો બાવો બોલ્યો, હે કમજાત તુંને ક્યા માંગા. ધનદોલત માંગા હોત, બચ્ચા કચા માંગા હોત, તો મેં દેત, અબ મેરા વચન ખાલી જાવે નહી. તુમ જા કર તીન ચીજ લાઓ. ત્યારે પેલો બોલ્યોકે કઇ ચીજ લાવું? બાવાએ કહ્યું કે બત્રીશ લક્ષણુકી ટુમડી લાવ, એટલે (બત્રીશ લક્ષણુંના છોકરાનું માંથું) અવળા ચાકના સાત કોડીઆં લાવ, અવળી ઘાણીનું સવા પાશેર તેલ લાવ. ત્યાંથી તે નીકળ્યો. શેહેરમાં આવીને તપાસ કીધી કે બત્રીશ લક્ષણનો પુરૂષ કયાં મળશે. ત્યારે કોઇએ કહ્યું કે એક તો રાજાને ત્યાં છે ને બીજો રતનબાઇને ત્યાં છે, ત્યારે તેણે વિચાર કીધો કે રાજાનું ઘર કાંઇ મરાવાનું નથી. ત્યારે પાણીના પનઘટ ઊપર જઇને બેઠો તેવારે રતનબાઈ પાણી ભરવા આવી તેની સાથે છોકરો પણ હતો. ત્યારે રતનબાઈ બીજી બઇરી સાથે વાત કરેછે કે મારો ભાઇ બે ત્રણ વરશ થયા કંઇ જણાતોં નથી. એટલામાં પેલાએ સાંભળ્યું. ત્યારે તેણે કહ્યું કે ચાલ હું ભાઈ થઇને જાઉંછું, દશ વીશ રૂપીઆના લુગડાં લીધાં, દશ વીશ રૂપીઆની જણુસો લીધી ને તેને ઘેર ગયો. ઊઠ બેન, મળ મને એમ કહીને પેલાં લુગડાં જણુસો મેલ્યાં એટલે પાડાપુડોશી આવ્યા ને કહેવા લાગ્યાકે ભાઇ, વગર કોઇ લાવે નહીં. એટલે પેલાને ઘરમાં રાખ્યો. ચાર છ મહીના રહ્યો. પેલી ભાઇ ભાઇ કરેછે. ને છોકરો મામો મામો કરે ને પેલો બેન બેન કરે એટલે તે બધા સાથે હળી ગયો. એટલે કાળી ચૌદશનો દહાડો આવ્યો. ચાલ ભાઈ ભાણેજ, આપણે તમાસો જોવા જઇએ, ત્યારે બેને કહ્યું કે વહેલા આવજો. હવે પેલા ભાણેજને આંગળીએ વળગાડેલો છે, અને તેને તેડીને કુંભારને ત્યાં ગયો, ને કહેછે કે મામા ભાઈ સાત કોડીઆ અવળા ચાકના ઊતારી આપ ત્યારે

કુંભારે કહ્યું કે આજતો રાજાની બંધી છે. તેથી મારો ચાક ફરે નહીં. ત્યારે તેને કહ્યું કે લે પાંચ રૂપીઆ, એમ કરીને આપ્યા ત્યારે તેને સાત કોડીઆ ઊતારી આપ્યા પછી ઘાંચીને ત્યાં ગયો, ને કહેછે કે કે અવળી ઘાણીનું સવાપાસેર તેલ આપ. ત્યારે ઘાંચીએ જવાબ દીધો કે આજતો રાજાની બંધી છે, તેથી ઘાણી ફરે નહીં. ત્યારે કહ્યુંકે લે પાંચ રૂપીઆ ત્યારે તેને સવાપાસેર તેલ આપ્યું. હવે પેલા છોકરાને તેડીને ભાગળ બાહાર ગયો, ત્યારે છોકરો સાંજ પડી એટલે બીવા લાગ્યો, અને છોકરાને આંગળીએથી છોડી નાંખ્યો ને પછી તરવાર કાઢી. હવે પેલો મામો છોકરાને ધાવ કરીને કેવો સંભળાવેછે,

કે વળખ્યા નૂ માર વાણીઆ ને કુંવર કેશવ તારૂં નામ ॥
પણ મારે તો કરાવવું છે વશીકરણ તારા મસતકનું છે કામ ॥

હવે પેલો ભાણેજ મામાને કેવો ધાવ કહી સંભળાવે છે,

મામાએ ભાણેજને ભોળવ્યો ને આંખડી કીધી હેત ॥
કાઢી ખડકને વાવર્યો ને હવે કોનો મામો ને કોનો ભાણેજ ॥

હવે તેનું ધડ મસ્તક જુદું કીધું ને પેલું ધડ હતું તે રેતીમાં દાટયું ને પેલું મસ્તક હતું તે હાથમાં ચોટલી પકડીને લીધું ને પેલા સાત કોડીઆને સવાપાસેર તેલ લીધું ને પેલા બાવાને ત્યાં ગયો. હે માહરાજ, તમોએ જે ચીજ મંગાવી તે અમો લાવ્યા. બાવો બોલ્યો હે ફમજાત કીસકે ઘર મારા હોયગા ને કીસકે ઘેર તાળા દીલાયા હોયગા. એમ કરીને પેલી તુમડીને પેલા કોડીઆ તથા તેલ ઊંચા મેલ્યા. હવે પેલી રતનબાઈ રાત પડી એટલે બજારમાં આવીને રડવા બેઠી. એટલે પેલા બાવાએ તુમડી ભમરકડી ઉપર બાંધીને પેલા સાત કોડીઆ સળગાવ્યા. એટલે બાવાનો હાથ અડકયો એટલે પેલી તુમડીને વાચા આવીને ખડખડ હશી. હવે તુમડી બાવાને ઠપકો કેવી રીતે દેછે.

કે મારા બાવા, તેમાંથી કરી આવડો સો કર્યો અન્યાય ॥
બળતાને સીધ બાળેછે ઘેર વાટ જુવેછે મારી માય ॥

બાવાને દયા આવી જુઠું સાચું વશીકરણ કીધું ને પેલાને દાબડી

આપી તે તો લઇને ગયો. હવે પેલી રતનબાઈ છે તે તો સોધવા નીકળી ત્યારે વાણીઆ ડાહીમાના દીકરા તે કહેવા લાગ્યા કે રાજાને ત્યાં ફરીઆદ જા;આજ કાળીચૌદશનો દહાડો છે, ને ભાઇ કોનો ને બેનકોની;માટે તારા છોકરાને કોઇ ધુતારો લઈ ગયો છે. હવે રતનબાઈ રાજાને ત્યાં ફરીઆદ કરવા ગઇ. રાજાએ ઝવેરીને ખાપરો એવા બે ચોર આપ્યા.ત્યાંથી પગેરૂં કાઢયું તે પગેરૂં કુંભારને ત્યાં ગયું, કુંભારને કહેછે કે મારો ચોર તારા ઘરમાં આવ્યો છે, કુંભારે કહ્યુંકે અંહીઆથી સાત કોડીઆ લઇને ગયો. ત્યાંથી પગેરૂં ઘાંચીને ત્યાં ગયું. ઘાંચીએ કહ્યું કે અંહીઆથી સવા પાસેર તેલ લઇને ગયો છે એટલું અમો જાણીએ છઇએ. ત્યાંથી પગેરૂં ભાગળ બહાર ગયું. હવે ત્યાં જોયું તો ધડ દાટેલું છે. હવે પેલા-ઓએ ધડ ખોદી કાઢયું તે પેલી બાઇના હાથમાં આવ્યું. હવે પેલી બાઈ રૂદન કરેછે કેવી, ને પેલા બાવા બાળનાથને ત્યાં જાયછે કેવી,

ફળવના ઝુરે પીપળી ને ફુલ વના ઝુરી જાય ॥
બંધવ વના ઝુરે બેનડી તેમ પુત્ર વીના ઝુરે મા ॥ બાવા બોલ દે.
ઘર નમ્યું તો ભલે નમ્યું, ને ટુંકો નમ્યો મોભ ॥
જે ઘેરથી કંદોઘર ઉઠી ગયા તે ઘેર સદા સોકના સોક ॥ બાવા બોલ દે.
ચાર પગે ઘોડો ઓદન થયો પેટે બાંધ્યું પલાણ ॥
જે ઘેર નહીં હોય ઘોડલો તે ઘેર સુણું મસાણ ॥ બાવા બોલ દે.

એમ કરતી કરતી બાવા બાળનાથને ત્યાં ગઇ હે માહરાજ મારો ચોર તારા ઘરમાં છે. હવે પેલા બાવાએ ધડ લીધું ને પેલી તુમડી લઇને ધડના ઉપર મુકીને અમીનો કુપ્પો છાંટયો એટલે પેલો છોકરો સજીવન થયો, બાઈ જેવી રડતી આવી તેવી ઘેર હસતી ગઇ. હવે પેલો ખાપરો ઝવેરી વશીકરણ લઇને ગયો તે વશીકરણ જુઠું હતું તે કોઈ સ્ત્રીને અટકાવવા ગયો એટલે તે બઇરીએ ગાળ દીધી. કે રડયા તારી બેનને અડકાવ નહીં તો તારી માને અડકાવ, એવી રીતની ગાળ દીધી. પેલી વશીકરણની દાબડી લઇ કરીને બાવાને ત્યાં આવ્યો. ઓ બાવા મેં તારી છ મહીના ચાકરી કીધી અને તેં મને જુઠું વશીકરણ કરી આપ્યું. એમ કરીને બાવાના માથામાં દાબડી પટકી. બાવાને એકવી ભર-મની ઝાળ ચઢી, હે નાપાક તું નાપેચક હોજા. એવો બાવાએ તેને શ્રાપ દીધો એટલે તે હીજડો થઇ ગયો. તે પોતાને ઘેર ગયો હવે

પોતીકા બાપને કહેછે કે હવે મને જે તે વાતે સંતાડ; હવે સાત ઓરડા હતા. સાતમે ઓરડે સવામણનું તાળું માર્યું. ને પેલા **નેપોબારેજીઆને** સંતાડયો. એટલે બેચરામાતાને ખબર પડી, એટલે પેલા હીજડા આવ્યા. ને હાથમાં તરસુળ લીધા છે ને **રૂપાબારેજીઆને** કહેછે કે મારો સેવક તારા ઘરમાં છે તે કાઢ, ત્યારે **રૂપાબારેજીઓ** કહે છે કે તારામાં સત હોય તો એની મેળે ચાલ્યો આવશે એટલે હીજડાએ તરસુળ ધમધણાવ્યા એટલે પેલું સવામણનું તાળું એની મેળે ભાંગ્યું એટલે પેલો **નેપોબારેજીઓ** ટાળી પાડતો પાડતો બાહાર નીકળ્યો. તે પોતાના બાપને કહેછે કે હવે મને જે તે વાતે સાસર વાસો કરાવ. અને મને વદાય કર. હવં **રૂપોબારેજીઓ** સાસરવાસો કરાવીને કેવો વદાય કરે છે,

ઉભો ઉભો ડોશીડાને હાટ ચુંદડીઓ વસાવેરે **રૂપોબારેજીઓ** ॥
હો **રૂપોબારેજીઓ** રૂડા ઘરેણા ઘડાવેરે **રૂપોબારેજીઓ** ॥
હો **રૂપોબારેજીઓ** ॥

સાસર વાસો કરીને પેલા હીજડા સાથે વદાય કર્યો. એક દીવસના સમાજોગે પેલા હીજડાને પેલો **નેપોબારેજીઓ** એકઠા થઇને માગવા નીકળ્યા. ઘાંચી માંગ્યા, મોચી માંગ્યા, સોઇ સુતાર એક ન માગ્યા. ઊમર વાણીઆ હો ઊમર વાણીઆ. માગતા માગતા ચમારની દુકાન આવી. (ખાલપાની). ચમારે શું કામ કીધું ઘરમાંથી રૈસો લાવ્યો. લાવી કરીને પેલી દોલમાં નાંખ્યો. ત્યારે પેલો **નેપોબારેજીઓ** કહેછે કે, મારો આવો અવતાર આવ્યો. એમ કરીને કેડમાંથી કટારી કાઢીને પેટમાં મારવા લાગ્યો. ત્યારે પેલો સોબતી કહેછે અહીંઆ ન મર. આપણા માતાની પાળે મર, ત્યારે **નેપોબારેજીઓ** માતાની પાળે ગયો. જઈ કરીને કટારી મારીને મરવા લાગ્યો. ત્યારે માતા નીકળીને કહેછે કે આવા કામ કર્યા ત્યારે જાણતો ન હોતો ? જ્યારે માતા તુસમાન થઇ ત્યારે માતા કહે-છે કે તારા મોં ઊપર હાથ ફેરવ, એટલે હાથ ફેરવ્યો, એટલે મરદ થયો. તે વારે પેલાં લુગડાં હતાં તે સોભતાં લુગડાં ભવાયાને આપ્યા, ને કસોભતા હતા તે હીજડાને આપ્યા. આપી કરીને પોતાને ઘરે ગયો, ખાધા પીધા રંગ કીધા, તે વૈર ગયા વહી, તેની વારતા ભલા આગળ કહી

જાહેર ખબર.

નીચે લખેલી ચોપડીઓ સુરતમાં ચૌક બજારૂં, નાણાવટ અને [illegible]તળાવના બુકસેલરો; **મુંબઈમાં** ભુલેશ્વર આગળ માવજી [illegible]ના માળામાં **કાશીભાઈ જગજીવનદાસ,** કાળકાદેવી આગળ, દામોદરદાસ ઈશ્વરદાસ તથા ગેરીઆદજી હોરમસજી, વસનજી પરમાનંદ ચાહેવાળા, પાયધોની નં૦ ૨૨ ધી બુકસેલિંગ કું, વિઠ્ઠલવાડીને નાકે કૃષ્ણાજી બલાલ, બુકસેલરો, ધોબી તળાવ [illegible] ફેરચશા એજનજી કરાણી બુકસેલર, કોટમાં જહાંગીરજી એજનજી કરાણી તથા શાપુરજી ફરામજી માંડણ, તથા એમ. મીસ્ત્રીની કું, બુકસેલરો **વલસાડમાં** દુવારકાદાસ પરભુદાસ બુકસેલર **ભરૂચમાં** કતોપોરના [illegible]રમાં કાગદી કાદરભાઈ બુકસેલર, **શ[illegible]માં** પરસોતમ પરમાનંદ [illegible] **કરાંચીમાં** કાનજી કરસનદાસ તથા [illegible]નભાઈ [illegible]ભાઈજીભાઈ, **કછમાં** [illegible] જીવરામ હરીશંકરદવે, **કછસુથરી** પીતાંબરદાસ હરજીવન, પાસથી વેચાતી મળશે. ગ્રાહકોના કમીશન વગેરેનો બંદોબસ્ત કરવો હોય તો **મુંબઈમાં** [illegible] **જગજીવનદાસ** અને **સુરતમાં** સગરામપરે **મી૦ નગીનદાસ. ફકીરભાઈ કાસીદાસને** પોષ્ટપેડ આગળથી [illegible] જણાવવું. જથાબંધ લેનારને સારૂં કમીશન મળશે.

૦—૧—૬	ગુજરાતી પે૦ ચોપડીના અર્થ.
૦—૨—૦	ગુ૦ બીજીના અર્થ.
૦—૩—૦	ગુ૦ ત્રીજીના અર્થ.
૦—૪—૬	ગુ૦ ચોથીના અર્થ.
૦—૫—૦	ગુ૦ પાંચમીના અર્થ.
૦—૬—૦	ગુ૦ છઠ્ઠીના અર્થ.
૦—૮—૦	ગુ૦ સાતમીના અર્થ.
૦—૩—૦	ગુ૦ બાળમિત્રના અર્થ.
૦—૨—૦	સુરત જીલ્લાની ભુગોળ.
૦—૨—૦	મુંબઈ ઈલાકાની ભુગોળ.
૦—૩—૦	હિંદુસ્તાનની ભુગોળ.
૨—૦—૦	**છેલની વાર્તા** (ઘણીજ રમુજી).
૨—૦—૦	**બદીઅલજમાલ** પરીની વાર્તા.
૦—૧૦—૦	**રસીલી મનોરંજક વાર્તા** શેરો, [illegible] આલાદીન, લાલ ગોવાળ, [illegible]ગલા આહીર, નાથાશા વાણિયા, તથા બેચરાજીની [વાર્તા.]
૦—૬—૬	કોહેડા સંગ્રહ.
૦—૩—૦	ચિત્રપોથી.
૦—૧—૦	આંકની ચોપડી.
૦—૧—૦	કોષ્ટકની ચોપડી.
૦—૩—૦	પ્રાઈમરના [illegible]
૦—૪—૦	અંગ્રેજી પેહેલી ચોપડીના મીનિંગ તરજુમા સહિત.
૦—૬—૦	સેકન્ડ બુક પાર્ટ ફર્સ્ટના મીનિંગ તરજુમા સહિત.
૦—[illegible]—૦	સે. બુ. પા. સે. ના મીનિંગ
૦—૧૨—૦	થર્ડ બુકના મીનિંગ
૦—૩—૦	ન્યુ. રો. [illegible] ના [illegible]